ગુલબંકાવળીની

વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે–બુકસેલર.

ત્રણ દરવાજા–અમદાવાદ.

આવૃત્તિ ૫ મી. પ્રત ૪૦૦૦.

સંવત ૧૯૭૩—સને ૧૯૧૭.

અમદાવાદમાં ખમાસાને ચકલે ધી "નટવર" પ્રિન્ટીંગ
પ્રેસમાં ભોગીલાલ નારણદાસ ખોડાંવાળાએ છાપ્યું.

કિંમત ચાર આના.

ગુલબંકાવળીની વાર્તા.

મંગળાચરણ.—દોહરો.

શ્રી ગણપતી આરાધીએ, પુજું એક કરજોડ;
સહુ મળી કરી કરૂણા કરો, કોઇમાં ન દેશો ખોડ.
સરસ્વતી મા કરૂણા કરો; વાણી આપો શુધ્ધ:
ખોટું ખરૂં હું તો નથી, કૃપા તમારી બુધ્ધ.
પ્રથમ ઇષ્ટ દેવને પ્રણમું, જેની મુજપર સ્હાય
કરૂણા કરો હું કરગરૂં, આ ગંથ ચાલતો થાય.

સીરકસ્તાન નામે ગામમાં, જહસંગ નામનો રાજા નીતિથી ઇંદ્ર સમાન રાજ કરતો હતો, તેથી તેના રાજમાં અઢારે વર્ણ સુખી હતી રાજાનો પ્રધાન મહા વિચક્ષણ હતો, રાજાની પતિવ્રતા રાણીને મહા તેજસ્વી ચાર પુત્રો હતા, અને એક પાંચમો પુત્ર જે થયો તેના ગૃહ જોતાં જોશીએ કહ્યું કે, હે રાજા! આ તમારા કુંવરના ગૃહ એવા છે કે તેનું મુખ જોતાં તમે આંધળા થશો. જોશીનાં વચન સાંભળી

દોહરો—રાજાએ વજીર તેડાવીઓ. કહી માંડીને વાત; કહે વજીર હવે શું થશે, કાજ શું કરવું ભ્રાત. ૧ પુત્રનું મુખ જોવું નહી શું છે પુત્રનું કામ; મુકો એને વન જઇ, ના આવે આ ઠામ. ૨ વજીર તમો ચોકી કરો, ના મુકશો વીલો એહ; જાળવજો જુગતે કરી સાચું કહું છું તેહ. ૩ વજીર ત્યાંથી સંચર્યો, ગયો તે વન મોઝાર; બાર ગાઉ ઉપર જઇ રહ્યા, જગત કરતા અપાર. ૪

ચોપાઇ—એ વાત તો અહીંથી રહી પેર રાજાની શી ગત થઇ વજીર ગયા પછી શું થયું, પેર તેહની પ્રીતે કહું. એક સમે પોતે રાજન

નીકળ્યા ફિજબાનીએ વન; ભુપ બેઠો વાડીમાં જઇ, ખાનપાન કરે છે સહી. પછી નીકળ્યો મૃગીયા રમવા બહાર, સાથી પોતે તેડયા સાર; સાથી સાથે તેને સહી, શીકાર રમવા ઇચ્છા થઇ, મનથ દીઠું એક વન મોઝાર સાંધ્યું બાણ મુકયો તોખાર, જાણે ઘાયલ કરૂં આવે લાગ નાસે હરણુ તે અથાગ પુંઠે તે મુકયો તોખાર, નાસે વન ફેરી મોઝાર સહુ સાથી પછવાડે રહ્યા, રાજા હરણુ પુંઠે ગયા. સાત. જાજન તે નાંહું જાણું તે હરણુના લીધા પ્રાણુ; અસ્વ રાખ્યો ઉભો તે ઠામ, થઇ ગયું રાજાનું કામ. પુત્ર પાંચમો તાજલમુખ નામ, જેણે નીજ તજાવ્યું; ગામ મુખ જોયે અંધજ થાય, જાણી કહાડયા જંગલ માંહ્ય. એક દીવસ પધાનજ સહી, શીખનાં વચન કુવરને કહી; તેથી ક્રોધ ચડાવી કરી, આવ્યો સુત વન ભમતો ફરી, તેના જોગ આવીને મળ્યા, લખ્યા લેખ ટાળ્યા નહી ટળ્યા. દીઠો આવતો રાજકુમાર જાણે બીજો ઇંદ્ર અવતાર; ધન ધન એ જનુની તન, જેની કુખથી થયું રતન; દ્રષ્ટ ભરી જોયો જેટલે, રાજા અંધ થયો એટલે.

ઉધમથી ભુખ, દેશ પરદેશ જવાથી શત્રુનો ભેદ, ઔષધથી રોગ અને પુન્યથી પાપ ટળે છે તેમજ જોરાવરને શરણ જાઓ કે મેરુ ઉપર કે પર્વતની ગુફાથાં બેસો યા દેશપરદેશ જાઓ, પાતાળમાં જાઓ, આકાશમાં જાઓ, શેષ શરણુ જાઓ, જંગલમાં ભટકો કે નાના પ્રકારના ઉપાય કરો પણ અવસ્ય સત્ય કરી માનજો કે લખ્યા લેખ ટળતાજ નથી.

દોહરો–પુત્ર જાણે કોઇ રાજવી, કોઇ જાણે રાજકુમાર, દ્રષ્ટે દ્રષ્ટ બેઉની મળી, ત્યાંથી ચાલ્યો અસ્વાર. ૧ નજર ભરીને નિહાળીયું અંધ થયો અશ્વને રાય; લખ્યા લેખ આવી મળ્યા, શાસ્ત્ર ખોટા કેમ થાય. ૨ રાજાએ મન વિચાર્યું, એ પુત્ર મારો જાણુ; જોશીએ કહયું નિ

શ્ચય થયું, મેં નિશ્ચય કર્યું પ્રમાણુ. ૨ શોકાતુર મનમા થયો, તેને દુઃખ તણો નહી પારઃ જાવા મારગ સુઝે નહી. વજીર આવ્યો તે ઠાર ૪ પ્રધાન જે પોતાતણો અને બુદ્ધીબળ જેનું નામ. પુત્રને સોધવા નીસર્યો આપી પહોંચ્યો તે ઠામ ૬ રાજા કેમ નથી બોલતા, મેં તમને કર્યા પ્રમાણ; તમને અડસટે ઓળખ્યા, કયાંથી આવ્યા આ ઠામ ૭ રાજા કહે શું બોલીએ અંધ થયો હું જાણ; રાજકુંવર દીઠા અહીં તેહ પુત્ર નીરવાણુ. ૮ કહો કેમ મુકયો તમે અહીં કેમ આવ્યા આપ મારી શીખ માની નહી, નડયાં કરમનાં કરના પાપ ૯ સોકાતુર સરવે થયા સુણી આવાં વચન; પછી આવ્યા પુર વીખે, સૈન્ય સહીત રાજન. ૧૦ વારતા ચાલી પુર વીખે, પામ્યા જરીરે દુઃખ પાપી પુત્ર પેદાથયો દીઠે તેનું મુખ. ૧૧ ત્રાહે ત્રાહે સઉકો કરે, વરમ અઢારે લોક; નીંદા કરે સહુ પુત્રની, ધરે છે મનમાં સોક. ૧૨ રાજા ચાલી ગેર ગયા, તેને દુઃખ તણો નહી પાર; ભરી સભા બેઠી સહી, સરવેએ કર્યો જુહાર ૧૩ જોશી પંડીતને વેદીઆ, વઇદ ને વિપ્ર અપાર; આશીરવાદ દીધા સહી. મુખ્ય બોલ્યા ને ઠાર. ૧૪ શાસ્ત્ર વચન શીધ થયાં, અંધ થયો હું આંય; પાછાં નેત્ર આવે મુને એવો છે ઉપાય ૧૫ ત્યારે વિપ્ર સહુ બોલીયા વઇદ શાસ્ત્રનું કામ; પુછો તેડી ધનવંતરી, તે પુરે મનની હામ. ૧૬

ચોપાઇ—વચન વિપ્રના મનમાં ધરી, વઇદ સભા રાજાએ કરી મુલક મુલકના હકીમ જેહ વડાવ્યા તહી આણી નેહ. ભરી સભા સહુ બેઠા સાથ રાજા બોલ્યો જોડી હાથ; કયે પ્રકારે પામું આંખ, શાસ્ત્ર પ્રમાણે પુરો સાખ. માટે ધનવંતરી સહુ તમો, નિસ્ચ કરીને બોલ્યા અમો; એમ કહી નમાવ્યું શીશ, ત્યારે વઇદ બોલ્યા દસવીશ અનેક ઉપાય કરશો રાય, તેથા આખ સારી નવ થાય, લખીત વાતરે નીસ્ચે થઇ. દેખતો કરનારી છે તહી, ગુલબંકાવળી પુષ્પજ સાર. તેહ

મળે તો થાય કરાર. સાત જન્મનો અંધજ હોય, અડકે પુલ કે નજરે જોય; તે મળે કામજ થાય, બાકી બીજો નથી ઉપાય. એવા વઇદના સુની વચન, હરખ્યું ઘણું રાજાનું મન; ખોળ કરાવી અપરંપાર, શોધવા મોકલ્યા ઠારો ઠાર, જે લાવે બંકાવળી બાગ, તે નરને હું કરું નીહાલ, અખુટ ભંડાર ભરાવું વા, વજીર કરીને રાખું પાસ. સહસ્ર માણુસ થયા તઇયાર, શોધવા નીકળ્યાં ઠારોઠાર; પહાડ પરવત જોયા બહુ ઠામ, પણ ન મળે બંકાવળી નામ. પુરવ પશ્ચિમ ઉત્તર દક્ષિણ સહી કાંઇ જોવામાં બાકી નહી; થીરાશ થઇ પાછા ખાવીયા. કાંઇ ભાળ તો નથી લાવીયા. લાચાર થઇ બેઠા સહુ સાથ ત્યારે વસ્યા રાજાએ હાથ, અરે દઇવ આતે શું લયું. વઇદ વચન તો મીથ્યા સુયું. કયાં જાવું હવે શું કરું. દેહ ત્યાગ કરી નેરૂં, અંધતણો ધીક અવતાર, લાચાર થઈ બોલ્યો તે ઠાર.

રાજાનાં દીન વચન સાંભળી, ચારે પુત્ર રાજાને કહ્યુ કે અમે બત્રીસ લક્ષણા છીએ, માટે બંકાવળીને ચતુરાઇથી શોધી લાવી તમારા ગુણ ઓશીંગણુ થઇશું. પુત્રનાં વચન શ્રવણ કરી રાજાએ કહયું કે એક તો હું આંધળો થયો, ને વળી તમે જાંઓ; એટલે મગ શી રીતે ધીરજ રહે! આવાં રાજાના વચનથી કુવરોએ કહયું કે—અમારા વગર આ કાર્ય થાય તેમ નથી માટે અમને રજા આપો તો અમે કામ કરીને તુરત આવીશું. કુંવરના વચન શ્રવણ કરી સભાસદોએ કહયું કે કુંવર બત્રીસ લક્ષણા છે તેમજ ધીર, વીર, મહા પરાક્રમી, બુદ્ધિશાળી અને ગુણના ભંડાર છે, તેથી અવશ્ય તે લાવશે. આવાં સભાસદોના વચનથી રાજાએ હીમતથી પાંચ હાથી, પાચસો અસ્વાર અને પુષ્કળ દ્રવ્ય આપી કુંવરોને ગુલબંકાવળીની શોધ કરવા મોકલ્યા.

ચોપાઇ—તાજલમુખને અચરજ થઇ,:પીતા અંધ થયો મુજને

જોઇ; તેની ચરચા મારે જોવી સહી, એ વાતમાં સંદેહ નહી મળ્યા જંગલમાં મુજને તાત, સાચી માની કુંવરે વાત; ધીક્કાર પડયો મુાર અવતાર, મુજ શીળ બેઠી મોટી ગાળ, ધીકાર પડયું એ મારું રુપ, જઇ પડયું હું મોરે કુપ: શું મુખ લઇને હું તે કરું. માટે વીખ ખાઇને મારૂં, એમ વિચાર કર્યો જેટલે, કાસદ એક આવ્યો તેટલે; તેણે મુખથી વાણી કહી, રાજાના કુંવર આવ્યા છે અહી બંકાવળી લેવા કારણે ઘર તજી નીકળ્યો બારણે; તે મળે તો રૂડું થાય, તોએ દૂખો રૂડો ગય. એવાં વચન કાસદનાં સુણી ખુશાલી વાધી મનમાં ઘણી; વીચાર કર્યો પોતાને મન, હું મળું મુજ બંધવ જન; પુછી પાર હું તેનો લઉ, ત પ્રમાણે હું પણ જાઉ; ઘોડા ઉપર થયો અ- સ્વાર. મરડયો ઘોડો ન લાગી વાર. મુકામ કરી રમાતા જ્યાંય, તા જલમુખ આવી પહોંચ્યો ત્યાંય; ઘોડા મધે ઘોડો સહી, કોઇએ તેને આેળખ્યો નહી. એક સઇયદ તેના લશ્કર મહી. તેણે પુછ્યું રાજકુંવરને જઇ; કોણ છો તમે બાળેવેશ, કેમ નીકળ્યા છો પરદેસ. ત્યારે તે નર બોલ્યા બોલ, જાણે જીભીયા અમૃત તોલ, પંથી મુસાફર છીએ અમો પુછોછો તો સુણજો તમો. નથી બાઇબંધ સજન સાથ તમો શરણે આવ્યા ઝાલો હાથ; ત્યારે બોલ્યા સઇયદ સહી. ચીંતા ફીકર કાંઇ કર નહી; સુખે રહો અમારી પાસ, લશ્કર સાનીધ કરજો વાસ

દોહરો—એમ અરસપરસ વાતો કરે રહ્યા તેને સાથ: પ્રાત કાળે તહાં થકી, સેન્યા સંગાથે જાય ૧ ઘણા પંથ કાપ્યા સહી, એમ કરતાં આવ્યું તે ગામ, દેરા તંબુ તાનીયા. કીધા સરવે મુકામ. ૨ તે નગર તણી શોભા ઘણી, કહેતાં કહી નવ જાય; નવા નવા મહેલ શોભી રહ્યા, દીસે ઘની શોભાય. ૩ રાજા ત્યાંતો સતવાદીયો, પ્રજા તણો પ્રતીપાળ; દુ:ખ નહી તે દેશમાં, શોભા અપરમપાર. ૪ તારીફ

સુણી શહેરની, હરખ્યા સઉં તે ઠાર; ચાર ભાઇ તે ચતુર નર, જોવા ગયા તે ગામ. ૫ દરવાજા પોળને બારીઓ; ગલી કુંચીને બજાર જળહળ જોત ઝળકી રહી, શોભાં ઠારાઠાર. ૬ જોતાજોતા આવીયા, જ્યાં ભર્યો છે બજાર; ત્યાં એક મહેલ દીઠો સહી, તેની શોભાને નહી પાર છજા ઝરૂખા રાવડી, સહુ મેના કારી કામ; ચક નાખ્યો છે જરી તણો ઇંદ્ર પુરીનું ધામ. ૮ ઢોલ દીઠો એક બારણે ત્યાંય છે સુંદર કામ, ત્યાં સુંદર નાર એક અવનવી, તે ઉંચા બહુ અવાસ. ૯ ચારે ભાઇ મહા ચતુર છે પુછે તેડીને પાસ: આ મહેલ છે કોણ તણો, કોણ છે એની જાત. ૧૦ આ ઢોલ મુકયો શા કારણે, એ સંદેહ સરકી વાત. ૧૧

ચારનાં વચન સાંભળીને કહયું કે—આતો ગુણુકાનું ઘર છે. રાજ દ્વારથી વિશેષ શોભા ઘરની છે. દેવાંગના જેવી રુપાળી છે. પદ્મણી. ચીત્રીણી કે હસ્તિનીને તેનો ગણુતી નથી, એવી એક મોહીની રૂપ પથ્વી ઉપર લાખી નામે ગુણુકા છે, તેણે આખા ગામને ઘેલું કર્યું છે. જે લાખ રૂપીયા આપે તે તેનું મુખ જુએ. તેમાં પ્રથમ દ્રવ્યનો ઢગલો કયાં પછી દાંડીયા હાથમાં પકડાય અને એક લાખ રૂપીયાનો નગારા ઉપર એક નાદ કરાય, એટલે તે નાદથી ગુણુકા દાસી સાથે પાન મોકલે છે. માટે દ્રવ્ય હોય તો નાદ કરો, નહીતો મુંગે મોઢે ચાલ્યા જાઓ. આ વાં દાસીના વચનથી તે ચારે રજપુત્રોએ તુરત દ્રવ્યના ચાર ઢગલા કરી દાંડીયા હાથતાં લઇ ચારએ સાથે અવાજ કર્યો. આ પ્રમાણે તે ચારે ગુણુકાના ઘરમાં ગયા અને તાજલમુખ લશ્કરમાં રહ્યો.

દોહરો—કીધાનાદ ચારે જણે, થયું વીનતાને જાણુ; પ્રસન થઇ ઘણું કામની; બોલી મુખે વાણુ. ૧ કો નર આવી પોહત્યા સહી, દાસી દે જય માન, તેડી લાવોજ આગળે, આપો ફોફળ પાન, એવાં વચન દાસી સુણી. ઉતરી તેની વાર; સોળ સજ્યાં છે શોભતાં, તેની શો

બાનો નહી પાર. ૩ જુહાર કરવા નીચી વળી. બોલી મુખથી વાણુ; ભલે પધાર્યા રાજવી, છોજી ચતુરસુજાણુ. ૪ શેઠાણી મારી તેડે સહી,તેણે મોકલ્યાં બીડાં પાન; ચતુરને ચતુર ભળે, એમ કહીને દીધું માન. ૫ તેડી ગઇ તે તારૂણી, ચારે ચતુરસુજાણુ; બેઠક મધે લાવી સહી, જાં શોભે ઉગીયો ભાણુ. ૬ પાટ પરવાળા તણી, જડીત હીંડોળા ખાટ; એ વિશ્વકરમાએ રચના રચી, ઘણી શોભા છે ઘાટ. ૭ એક વિનતા દીઠી બેઠી તહી, તેની શોભાનો નહી પાર; જેવીકાને સુણીહતી, તેવીસુંદર નાર. ૮ મરઘાનેણી કટી કેશરી, શોભે સકલ અવતાર; જાણે વિજળી ઝબકી રહી; વદન કમળ આકાર. ૯ ઘણી ચપળતા નારની, સુખતણી ભંડાર; સોળ વરસની સુંદરી, દેખે છે ચતુર નર ચાર. ૧૦ વીનતા ઉઠ ઉભી થઇ, બોલી હાસ્ય વચન; ભલે આવ્યા પૃથ્વીપતી, ઘણુ રીજયું મારૂં મન, ૧૧ ચોપાઇ—વીનતા બેઠી ઉભી થઇ, જોતાં ચારની શુધ નવ રહી; આપી ખુરશી દીધાં માન, તે વીનતાએ આપ્યાં પાન. કંઠે નેત્ર ચપળતા કરી, ચીત ચારેનાં લીધાં હરી, ચારે ચતુરાઇ ભુલી ગયા, જોઇ વીનતા વ્યાકુળ થયા. વીનતા બોલી મધુંરી વાણુ, ભલે પધાર્યા ચતુરસુજાણુ, કાઇ આજ્ઞા અમને દીજીએ, તમે કહો તે તમો કીજીએ. એવાં વચન વીનતાનાં સુણી, ચારે જણેવાણી ભણી; લાખ રૂપીયા લો છો તમો, તે કારણુ પુછીએ અમો. ત્યારે વીનતા બોલી વાણુ, સુણજો ચારે ચતુર સુજાણુ. મારે રમત રમવાનાકોડ પરહું પહેલી નરથી હોડ; ચોસર તણી રમત છે જેહ, રમતરમત્રા આણી નેહ. જો હારૂં તો સરવેદેઉ, દાસ થઇ તેનીપાસે રહું;જોનર હારે આ ઠાર, તોતો કહાડીમુકું બહાર;હારેતો દ્રવ્ય મુકીને જાય, જીતેતો મુજસ્વામીથાય. બત્રીસ લક્ષણનું છે કામ, મુરખ શુ સમજે આ ઠામ, એવાં વચન વીનતાનાં સુણી વીમાસણ થઇ ચારેને ઘણી; ગમે તેવી પણ આખરનાર; એને

જીતનાં કેટલી વાર, વારા ફરતી રમશે અહી. જે જીતસે વરસે સહી એવો મનમાં કર્યો વિચાર, માંડી બાજી નવ લાગી વાર,

દોહરો—માંડયો પાટ કંચન તણો, ચતુરંગી સોગટીસાર; વીનતાએ ત્યાં મુકીયા, આવીને બેઠી નાર બીલાડીને શીશ દીપક ધર્યો પછી બોલી મુખથા વાણ; હવે વારા ફરતી રમો સહી, તમો છો ચતુર સુજાણ. જીતે તેની હું તારૂણી. હારે તેના લેઉ દામ; એમ કહી બેઠી સહી વીનતા તેણે ઠામ એવાં વચન વીનતાનાં સુણી, રીસ ચડી અપાર. તે મધેથી એક ઉઠીયો, બેઠા સન્મુખ નાર, ઘણે ઠેકાણે ફર્યા તમે. તે આજ મુકશો ગામ; એમ કહી પાસા ગ્રહી, નાંખ્યા તેણે દામ. સાચવેનજરએકએકની,નાંખ્યાં દાઇ દાવ;ચાતુરી ચલાવે ચોગણી, રાખી મનમાં ભાવ. ૬ ગમે તેવી કરે ચાતુરી. પણ પડે છે અવળા દાવ વીનતા જીતી બાજી સઇ, તેને હઇડે હરખ ન માય, ૭ એક હાથ બાકી રહ્યો જો પડે પાસા પોબાર; તો તો જીતી તારૂણી, હારે રાજકુમાર. ૮

ચોપાઇ—પડયા પોબારને જીતીનાર, રાજકુમાર, હાર્યો તે ઠાર ઉતરીગયું પછે મુખનું નીર, આધા જઇને બેસે વીર, બીજો બાંધવ ઉઠયો સહી, વીનતા સન્મુખ બેઠો જઇ; તેણે પાસા લીધા હાથ, રમવા લાગ્યો વીનતાની સાથ, તે પણ હાર્યો જોતામાં સહી તેની હોશ પણ પોચી નહી; ત્યારે ત્રીજો બોલ્યો વાણ, ઉઠી બેઠો ચતુર સુજાણ, મુજને કોઇ જીતી ન જાય, નથી સુઠ ખાધી કોની માય; એમકહીનેપાસાલીધા, રમત હતી તે જારી કીધી. ઘણી ચતુરી કીધી સાર, તે પણ હાર્યો ન લાગી વાર; ચોથાએ ચતુરાઇકીધી સાર. તે પણ જીતી લીધો સુંદરી, ચારે નરનાં ઉતર્યાં મન, હળવા પડયા જેમ પીપળ પાન, શંડના જીત્યા જાશુ ફોક હસશે પુરનાસઘળાલોક. એથો મનમા કયો વીચાર ફરી રમવા માંડયું તે ઠાર, ચચારલાખની પાડી હોડ, સોળ લાખ ભયા તેકોડ, સોળ અને લાવે

સહી, નહીતો તેની આશા નહી. એમ વીચારી પોતાને મ નરમવાવે બેઠા તે દીન; વારા ફરતી હાર્યા ચાર, જીતી ગુણકા નવ લાગી વાર. હાર્યા જુગારી બમણું રમે, બુદ્ધિ ભ્રષ્ટ થઇ તે સમે; વળી મનમાં કર્યો વીચાર વીનતા પ્રત્યે બોલ્યા ચાર. હાથી ઘોડા ધન ને માલ લખી આપ્યું તેને તત્કાળ હરીએ તો સર્વે દીજીએ જીતીયે તો તારૂં લીજીએ. એમ કહી રમ્યા તે ઠાર તે પણ જીતી લીધું નાર; કાંઇ હોડ કાઢો આઠાર નહી તો મ હેલથી નીકળો બહાર સુણીવચનને લાગ્યુ દુઃખ બોલ્યા ચાર જણામુખ ફરી રમત રમીએ અમો કરીએ હોડ તેસુગુજો તમો જોહારીએ તોથઇએ ગુલામ નહીતો તેને વરીએ એ ઠામ સમ કહીને રમી તહી વીનતા તે પણ જીતી ગઇ ઝાંખા થઇને બેઠા તહી પછી તોએ વાણી કહી

રાજાના ચારે પુત્ર હાથી ઘોડા ધન: અને માલ—આદીસર્વ હારી ગુલામખત લખી આપી ત્યાં કેદ થવાની વાત લશ્કરમાં પહોંચતા સર્વ નારાજ થયા અને લશ્કર તો ત્યાંથી નાસી ગયું અને એકલો તાજલમુજ રહ્યો તે મનમાં મરોખેદ પામી વિચારવા લાગ્યો કે હવે શું કરવું ?ચારે ભાઇઓએ નામ બોળ્યું કુળને એબ લગાડી કે ગુલબંકાવળીને લાવતાં તો પોતે ગુલામ થયા :આ પ્રમાણે મનમાં વિચાર કરી નીશ્ચય કર્યું કે ઇશ્વર પ્રતાપે ગુણકાનો ઇરાજ્ય કરી મારા ભાઇઓને છોડાવું જોકે કરતા હરતા તો ઇશ્વર છે મારાથી તો કાંઇ થવાનું નથી આવો વીચાર કરી શહેરમાં આવી ફરતો ફરતો એક અમીરના ઘર પાસે આવ્યો તો ત્યાંના નોકરે તેને માન આપી પુછ્યું કે કયાંના રહેવાશીછો આવા નોકરના પ્રશ્નથી રાજકુંવર કહે કે હું મુસાફર છું આ મેહેલ કોનો છે? નોકરે કહ્યું કે આ એક અમીરનું ઘર છે તે મહા પૈસા વાળો તેમ ચતુર છે નાકરનાં વચવથા રાજકુંવર કહ્યું કે—અમીરને એમ કહો કે એક મુસાફર આયેલ છે. તે તમને મળવા માગે છે.

ચોપાઇ—એવાં વચન દરવાને સુણી ગયો ત્યાં અમીરની ભણી સનમુખરહીનેકરી સલામ પછી અરજ કરી તે ઠામ મુસાફર એક આવ્યો દ્વાર. તેનું રૂપ તેજ અપરમપાર, બત્રીસ લક્ષણો છે જાત, તેણે એક કહાવી છે વ.ત. અમીર સાથે મળવું છે સહી, એવી તેણે વાણી કહી એવાં દરવાનો સુણી વચન, હરખ્યું તે અમીરનું મન. તેડી લાવો મારી પાસ, મોકલ્યો તરત તેડવા દાસ; આવ્યો સેવક તેની વાર. કરજોડી કર્યો જુહાર; અમીર અમાકા તેડે ત્યાંય, બેઠા રંગ મેડીને માંય. માટે ચાલો અમારી સાથ, એમ કહીને જોડયા હાથ સભા ભરી બેઠા છે જ્યાંય, રાજકુંવરજઈ પોચો ત્યાંય; રાજરીતથી કયો જુહાર, અમીર રીઝયો અપરંપાર. મુખ શોભે જાણે ઉગ્યો સુર; એવું રાજ કુંવરનું નુર; ઘણીશોભાને રૂપ વિશાળ, તે જોઇને ઉપજ્યુ વહાલ. પાસે બેસાડી દીધું માન, મુકયાં આગળ ફોફળ પાન; કયાંથી આવ્યા ને કયાં રહો, કામકાજ અમ સરખું કહો. બાળપણામાં જોબનદેશ, કેમ નીકળ્યા આંવ્યા પરદેશ, રાજકુંવર મુખે બોલ્યો બોલ, જાણે જીભા અમરતની તોલ. પુરબદેશ વસુ છું અમો, પુછોછો તે સુણજો તમો; જાતે ક્ષત્રી કેરા તન, નથી માત પીતાને સજ્જન ઉચુ આભ નીચે ધરતી સહી. એ વીના બીજું કાઇ નહી, ઉમેરવાર ચાકરીના જાણ, જયાં અંજસ ત્યાં રહેવું નીરવાણુ જે ફરમાવો તે કરવું કામ, બત્રીસલક્ષથ મારૂ નામ; એવાં વચન અમીરે સૃણી ખુશાલી વાધી મનમાં ઘણી, મુજ પાસે તમે સુખે રહો, મનગમે તે મુસારો લહો, ખાવ પીઓને મોજો કરો; ચહેર બજારમાં સુખે ફરો.

દોહરો—એકાંત જગા આપી સહી, ત્યાં ઉતર્યો રાજકુમાર; ભોજન કરે મન ભાવતાં. જઇ બેસે દરબાર. ૧ હાશવીનોદને ચામુરી, દરે રાયને સંગ. ચતુરાઇ ચલાવે ચોગણી, જઇ અમીર સંગ શેત્રંજ ગંજીફા સોગઠાં, રમે અમીરનીપાસ; એક ઘડી વીસો મુકે નહીતેને દીઠે મ-

૭૮૮૯

નડું હુલ્લાસ. ૩ પાછલો દિવસ ઘડી એક રહે, તે વખત નીસરે બહાર બજારમાં ફરીફરી ઘેર આવે રાજકુંમાર. એમ કરતાં દીમ બીત્યા બહુ કીધો મન વીચાંર. આમ બેસી રહે નીધી વસી, અમીરના ઘર મોઝાર. ૫ એક સમે બોલ્યો સહી, અમીર પ્રત્યે તે વાત; સોદાગર એરુ મીત્રથી, પ્રીત ઘણી મુજ ભ્રાત, ૬ બબે ઘડી જોવા તણી. મારા મનની હાથ; હુકમ હોય જો તમ તણો, તો જોઉંવ મુકામ. ૭ અમીર કહે સુખે પરવરો એ વાત મુજ તન; ઝાઝીવાર કરશો નહી, એમ મુખ બોલ્યા બચન. ૮ વારુ કહીને નીશર્યો, ફરે તે નગર માંહ્ય, ચોપાટ રમે છે ચતુર નર જઇને તેને ત્યાંય ૯ માન દીધું સર્વ મળી, પુછેછે સમાચાર; ધટે તે દેવો ઞતર દહીએ, સહુ હરખ્યા અપરંમપાર. ૧૦ ચાર ઘદી બેઠો સહી જોયો સઘળો ખ્યાલ; જુહાર કીધો મગવને ઉઠયો પોતે તતકાળ ૧૧ ચતુરનર બોલ્યો સહી, આવજો નીત આ ઠામ, આ મુકામ છે તમ તણો એમ કહી સલામ. ૧૨ પાછો આવ્યો મુકામ તે કરવાભાવતાં ભોજન; પછી અમીરને રીઝવ્યો, એટલે આથમ્યો દન. ૧૩ રજની વીતી રંગમાં, ઉદે થયો અસ્વાર; ત્રણ પહોર કરી ચાકરી, ગયો મીત્રને દ્વાર, ચોસરની બાજી રમે, ભલા ખેલાડુ સાથ; માગ્યા દાવ લાવે સહી, એવા એના હાથ.

ઘણા ગણા માણસો આવેછે પણ સર્વના ગર્વનો ભંગ કર છે. તેને કોઈ જીતતું નથી એવો ખેલાડી છે. આ ઉપરથી તાજલમુલે તે રમત બરાબર હાથ કદી વીચાર કર્યો કે હવ ગુણકાને ગેર જઇ તે ગુણકા કયા પ્રકારે જીતે છે. તે ભેદ જાણું તો મારૂ કાર્ય થાય આ પ્રમાણે વિચાર કરી ગુણકાને ઘેર ગયો, તો તુરત તેની એક ઘરડી દાસી કે જે હતી વૃદ્ધ છતા લાકડી હાથમાં ઝાલેલી છે પણ જાણે મદમાતી સુંદરી ચાલતી હોય તેમ ચાલતી બહાર આવી. આ ડોશી વૃદ્ધ છે, તેનાથી ચલાતુ નથી તેનું કોઇ સગુવહાલું છે કે નહી! આવા કુવરના વચનથી તે માણસ

હશીને બોલ્યો કે આ લાખી ગુણકાનું ઘર છે, એના ઘરમાં પુષ્કળ નાણું છે, તે સર્વ દ્રવ્ય આ ડોશીના હાથમાં છે. આ ડોશીને પુછીને ગુણકા સર્વ કરે છે આ રાંડને દયા જરા નથી તેથી જેવાં કા કરે છે તેવાં ફળ ભોગવે છે. આવાં તે માણસનાં વચન સાંભળી તે તો તુરત તે માણસને સલામ કરી ત્યાંથી એકદમ આગળ ચાલી ડોસીની પાસે આવી તેના ચરણમાં માથું નમાવ્યું અને પગ ચાંપી રોવા માંડતાં ડોશી તો આશ્ચર્ય પામી કહેવા લાગી કે તમો કોણ છો ? શામાટે રૂદન કરે છે. ડોશીએ કહ્યું કે—મારા પગ તેં આજ ચાંપ્યા તેથી તું મારો પુત્ર છે, તારી નાત શી છે! તારૂ નામ શું છે ? કયાંથી તું અહીં આવ્યો? ડોશીના પ્રશ્નથી પોતાની સઘળી વાત કહી ડોશી તેની વાતથી રાજી થઇ તેણે પોતાને સાથે લઇ ગય માથે હાથ ફેરવીને કહ્યું કે મારી સાથે સુખેથી રહો એમ કહી ખવરાવ્યું ત્યાર પછી કુંવરે કહ્યું કે—માતાજી હું પ્રધાનને ત્યાં નોકરી માટે જાઉં છું? ત્યારે ડોશીએ કહ્યું કે પુત્ર વળી કાલે પણ આવજો એટલે તે ડોશી પાસેથી જઇ અમીરને ત્યાં કામ પણ કરે અને ડોશી પાસે જઇને બેસે. અને કહે કે માતાજી હું તમારો પુત્ર છું ? મને કામ બતાવો, મારે તમારા વગર બીજાના આશ્રય નથી એમ મધુર બોલે, તેથી ડોશી રાજી થાય અને જો તે એક ઘડી કોઇ દિવસ મોડો જાય તો ડોશી અનાજ પણ ખાય નહિ આવી ડોશીને વશ કરી એક દિવસ ડોશી પાસે પચાસ મ્હોરો મુકી કહ્યું કે અમીરે જે પગાર આપ્યો કે આ તમને આપું છું. કારણ કે તમને ખરચ કરવા જોઇએ, તે માટે લાવ્યો છું ! એટલે તો ડોશી બોલી કે મારે કેટલા કાળ જીવવું છે? મારૂં ધન છે તે કોનું છે? મારી પાસે ઘણું ધન છે તે તમારૂં છે, જે જોઇએ તે લ્યો ? એટલું કુંવરે કહ્યું કે તમે મારાં મુરબ્બી છો જે જોઇએ તે લઇશ, પણ હું જે ત·

મારો રીકરો દ્રવ્ય લાવ્યો છું તે તમે સાચવો ? આવી તેની મીઠી વાણીથી ડોશી બહુ રાજી થઇ સાપને ગરૂડી જેમ વશ થાય તેમ ડોશી પુત્રથી રાજી થતી હતી. આ પ્રમાણુ ઘણા દીવસ જતાં રાજપુત્રે નીચે પ્રમાણે પુરૂષ ચારિત્ર કર્યા;

દોહરો—એક સમે સમે ત્યાં બેઉ જણું, એકલાં વન મોઝાર: ત્યાં એક કુપ દીઠો સહી તેમાં જળ તણો નહી પાર. આ જળ મધે હું પડું તું જાણજે મારી માત; પાછા પગ અહી નહી ધરૂં, તું નીશ્ચે જાણજે વાત, ડોશી ઘણું મન કળકળી બાઇએ શુ બોલીઓ બોલ; પુત્ર કહે કરતક કર્યો, ખરી વાત તું બોલ. ત્યારે ડોશી મન રીજી ઘણું, આનંદ ફેલીયો અંગ, કરવા લાગી વારતા, તે ચતુર નરને સંગ. પુત્ર જે માગે સહી. તે આપું તને દામ, તું પડીશ ત્યારે મરીશ, શું સરશે એમાં કામ પુત્ર કહે માતાજી સુણો; યમે આપો ધન અપાર, એક વાતનો સંદેહ છે મુને, જાણજો આ વાર. તમ વીના ભાગનાર નહી. મારા મનની ભ્રાંત; ત્રીજું માણુસ સાથે નથી, બેઠાં છીએ એકાંત. ડોશી કહે સુણ દીકરા, શું સદેહ તુંજ મન; તે ભાગુ આણી ઘડી, વળી લો ધન એમ કહીને વચમજ આપ્યું, સદેહ ભાગુ આ ઠામ, રાખી વાત કરૂ અમે તે વાતે સાક્ષી શ્રી રામ. ત્યારે તે નર બોલીયો. સાંભળ મારી વાત; લાખી સરવને જીતે, ભાગો મનની ભ્રાંત. ભલા ભલા હારીયા, કોઇયે ન જીતી નાર, કોઇ જીતી શકતુ નથી એ સદેહ મન અપાર. કરોડ પતીને ફકીર કર્યા, રાખે ઘણો એક તોર. કોણુ ઇષ્ટની ઉપાસના, કોણ તરૂણો શીર જોર. નથી દ્રવ્ય મારી કને મનેનથી રમવાનું મન, સહેજ વાત પુછું અમો, એમ બોલીયો મુખથી બોલ.

ચોપાઇ—ત્યારે ડોશી બોલી બોલ, સાંભળ દીકરા એનું તોલ એ વાત વીસ્તારૂં અમો, કોઇ આગળ નવ કહેશો તમો કદાપી જશે

ત્રીજે કાન, તે વાતે ઉતરશે માન. કહેશે ગર માયું ધરની થઇ, એ-ટલી એબ મુજને છે સહી; પુત્ર કહે પ્રતીજ્ઞા કરૂ, બ્રહ્મહત્યાદીક પા. તીક ધરૂ. જો કહાડી કોઇ આગળ વાત, તો કોટી ગઉહત્યાદીક પાપ; એવી પ્રતીજ્ઞા કરી જ્યાં ત્યારે બોલી ડોશી ત્યાં. લાખી પાસે કાંઇ વીધા નથી. ઇશ્ન માયે સવર્થા પાસા છે વીનતાને હાથ. ભરેછે સરવે સ.ધે બાથ; બીજો એક કરે છે ઉપાય, તેથા નર સુહુ હારી જાય. એક બીલાડી પાળે છે નાર, તેને કેળવી અપરંપાર, દીપક તેને માથે ધરે, પછી રમત તે જારી કરે. નવહાસે નત્ર ચાસે મંજાર, ઠરી ઠામ એસે તે ઠાર; બીજો ઉંદર પાળે છે જાણ, ધણા કેળવ્યા નીરનાણ. બીલાડી પાસે બેઠી સહી, મુખ આગળ પરખાએ નહી; ઉંદર બીલા-ડીનો ત્યાંતો મેળ, ગુણકા નરશુ માંડે ખેલ, મન ગમતા દાવ જોઇએ જેહ, બીલાડી સામું જુવે તેહ. ગરદન ફેરવે તેની વાર, દીપક ઝાંખો પડે તે ઠાર; ઊંદર પાસા ફેરવે સહી. તે પ્રકારે જીતે તહી. બીજી વીધા પાસે નથી, સત કરી માનો સર્વથી; રાજકુંવર ત્યારે રીઝીઓ મન, માતાજીનું માન્યુ સત્ય વચન સંદેહ મમન તણો ભાગીઓ સહી ડોશીને પગે લાગ્યો તહીં; ગયાં પોતાને ઠામ તત્કાળ, ડોશીને ધણું ઉપન્યું વહાલ. આપી ઝવેર હીરાની માળ, ત્યાંતો કુંવર થયો નિહાલ કરે ચતુરાઇ તણો વીચાર, લાધ્યું દ્રવ્યને નિકળ્યા બહાર. ભરીબજારે થઇને જાય, દીઠો વાઘરી ઉભો ત્યાંય; એક નોળીઓનું બચ્ચું સાર વેચવા ઉભો ભરે બજાર, એથી જીતવાનો તે નાર, એવો મનમાં કર્યો વીચાર; માટે લઉં તેને હું અહીં; આપી મુલને લીધો સહી; બાંબ મધ્યે ઘાલ્યો તેણી વાર, તેને કેળવ્યો અપરંપાર.

દોહરો—સોગટી મારે હાથની, કે ચડપ નીકળે બહાર; મુખથી એક ને પકડે સહી, સાન કરતાં વાર. ૧ દેગટી મારે હાથની, ત્યારે જઇ કરે શીકાર એ રીત તેને કેળવ્યો, દીન થયા કરશબાર. ૨ પછી સલામ જઇને

ફરી, અમીર ફરી પુસ; જમવાને સેજ તેડીએ, માટે રજા આપોરાજાય. ૩ મીત્રહમારે એક છે, તે તણું લગ્ન; બીજો સવાલ મુજ તણો, તે કહુંછું સુખવચન, લગ્ને જાવું માહરે, તેની ચીંતા મુજને થાય, કૃપા મુજ ઉપર કરો, તે લગ્ને મુજથી જવા. એવાં વચન સુણી, આપ્યાં વસ્ત્રઅપાર; અભુષણ ઘણાં શોભતાં, કહેતાં ન આવે પાર. ૬ અમુલ્ય સીરપેચ આપીઓ, જેને જરીના તીર; સાલ જોડો સવા લાખનો રત્નજડીત એક હા. ૭ પગના તોડા સોનાતણા, કોટમાં મોતીનો હાર; કડાં સાંકળાં કંઠીઓ પહેર્યાં એવા શણુગાર. ૮ પ્રતિબિંબ બીજું પ્રગટ્યું, જાણે જળહળ જોત; જાણે કામદેવ પ્રગટયો; અને શોભે ઉદ્યોત. ૯ અમીર જોઇને રીઝયો, આપ્યો એક તોખાર, અશ્વ બેસીને પરવર્યો, મીત્ર તણે દરબાર. ૧૦ વચન અમીરનાં સુણી. કર્યો જુહાર; અશ્વ બેસીને પરવર્યો, તે ગયો ગુણુકાને દ્વાર. ૧૧

રાજા ત્યાંથી લાખીને ઘેર ગયો, જાણે બીજનો સુર્ય ઉગ્યો હોય, એવો તેજસ્વી તેને જોઇ દરવાન પણ રોકી શકયો નહી. પોતેતે એકદમ ઘરમાં જઇ મેડીએ ચડયો તો ગુણકાને દીઠી. પણ ગુણકા તો તેને જોતાંજ નિસ્તેજ થઇ ગઇ, શુધબુધ પણ રહી નહી કામણગારૂં તેનું મુખ જોઇ ગુણકા સુખ પામીને મનમાં વીચારવા લાગી કે—આતો ઇદ્રનો અવતારજ છે! કે શું? માણસ પણ કંઇ આસાથે નથી? ગુણકા તો તેને આસન આપી સન્મુખ ઉભી હસીને બોલી કે—તમારો દેશ કયો છે? તમે શા હેતુથી મારે ત્યાં પધાર્યા છો? આવાં ગુણકાનાં વચન સાંભળી કુંવરે કહ્યું કે હે ચતુરસુજાણ સ્ત્રી! સાંભળ, હું મુસાફર છું. અમીરને ત્યાં ઉતર્યો છું? મે ત્યાં સાંભળ્યું કે લાખી ગુણકા મહા સુઘડ છે, રમત સારી રમે છે. જે તેને ત્યાં રમત રમવા જાય છે, તે હારી જાય છે આ સાંભળી હું તારી સાથે રમત રમવાને તારે ઘેર આવ્યો છું. આવાં તેનાં મધુર વચન સાંભળી ગુણકાએ ખાનપાનાદિ

કરાવીને કહ્યું કે મારો એવો નીયમ છે કે જે રમવા આવે તે લાખ રૂપીઆ લાવે એતે તે લાખરૂપીઆનો ઢગલો કર્યા પછી ક્ષડી ઉપરજ ચઢાય; હું હારૂ તો દાસી થઇ. ને રહું અને જો જીતુ તો લાખ રુ-પીઆ લઉ, માટે જો તમારી ઇચ્છા હોય તો રમત રમીએ. પણ મારૂં વચન મીથ્યા થાયે તેમ નથી

દોહરો—એવાં વચન વીનતાનાં સુણી. બોલ્યા રાજકુમાર; અ-હંકાર રાખે આટી ઘણો ઘણો, તને કોણ વરશે આ ઠાર. ઘણા સાથે જીતી સહી, તોય ન સદીયું કાજ; પરમેશ્વરના પ્રતાપથી, જીતું તુંજને આજ, ઘણા જીતીયા રાયને, પણ કઠણ છે આજનું કામ, ચતુરાઇ કરજે ચોગણી. જેથ પહોંચે મનની હામ. મુદ્રીકા આપી કરતણી, સવા લાખનું માંહી નંગ; વીનતાની આગળ ધરી, આણંદ આણી અંગ જોઇ વીંટી અમુલની, હરખી મનમાં તે ઠાર, માંડી બાજી તેને સામે, રાજકુંવરને નાદ. બીલાડી દીપક ધર્યો, ત્યારે ચમકયો પોતે મન નીશાની સાચી મળી, ડોસીનાં સત વચન મુખને દીઠો સહી, થયો તદા અજાણ; રમતને જારી કરી, લીધા પાસા પાણ. જાણી જોઇને હારીયો, દેછે અબળા દાજ હઠ કહી પોતા તણી, જીતી ત્યાં ગુણકાજ. ૮ પોબારમાં માની રહી, બીજી ત્યાં તેણીવાર, આવે પોબાર વીનતા-તણા, હારે રાજકુમાર. ૯ એવું મન વીચાર્યું, બીલાડી સામું તે ઠામ ત્યા મરતટ ફેરવ્યું, વીનતાની પહોચી હામ. ૧૦ દીપક જોતામાં ઝાંખો થયો, નાંખ્યા પાસા તે નાર; ઊંદરે પાસા ફેરવ્યા, પોબાર કર્યા તે વાર. ૧૧ જીત્યાને જશ વાધાયો. હાર્યા તમે ચતુરસુજાણ; ચતુરાઇ ચોગણી દાખવી, એમ બોલી વીનતા વાણ.

ચોપાઇ—એવા વીનતાનાં સુણી વચન, બીજી રમત માંડી રાજન; હાર જીતમાં મુકયો હાર, રમવા લાગ્યાં નરને નાર. ધીરવીર તે બેઠો ઠામ નાંખે પાસા મુખે લે નામ, બત્રીસલક્ષણ જે નર કહેવાય; કાયરો ગાં-

જ્યો તે નવ જાય, ભલા નર મુકે હામ, કઠણુ માત્ર એ વીનતા નામ એકુ હાથ ખાલી નવ જાય જેવા માગે તેવા પડે દાવ; ગણી ચતુરાઇ વીનતા કરે, પણુ એક વાતે અરથ ન સરે, વીનતા પામવા લાગી હાર દીપક સામું જોયું તે ઠાર, કુંવરે પાસા નાખ્યા જેટલે, મ.જારીએ શીર ફેરવ્યું તેટલે, ચડપ ઉંદર નીસર્યો સહી, પાસો અવળો કીધો લઇ; કુંવરે શોગટી મારી તેણીવાર, તરત નીકળ્યો નોળીઓ બહાર; ઉંદર તણી પકડી કોટ, નાઠી બીલાડી મેહેલી દોટ; સાલમેલેર જઇને ઠરી રમતભંગ તે વેળા કરી. રાજકુંવરને ચડી છે રીસ, કરી બોલીઓ તે દીસ; તારી અકલમાં ઉઠી વાટ, કંચન તણા તે મુકયા પાટ નારી બુથી પગની પાનીએ, વળી રાંડી જાતને અકલ કસી; ઘરમાં દીવી સરખી નથા; બાલાડી શીરે દીપક સર્વથી. મુકો ઝવેર હીરા કે લાલ, થાય અજવાળુ ઝાકઝમાલ; નીશ્ચે આવો મારી પાસ, આજ કરવાનો તુજને દાસ. જાણી જોઇને હાર્યો તુજ સાથ, હવે તો ઘસવા પડશે હાથ; એમ કહીને એક કહાડી મણી જાણે શોભે એક પ્રતાપી બતણી ભાગ્યું વીનતા કેરૂં જોર, પડી ખસીઆણી તેને ઠોર. હૈડે દુખને મોઢે હશી, એ વાતમાં ચીતા કસી હવડા હોડ હારીને જાશો, જશે માલ ને દુખીઆ થશો; મુજ આગળ કઇક હારી ગયા. તે રતે ઠેકાણે ન થયા. એની ગતી તમારી સહી, શો ઉદ્યમ હવે કરવો અહી; મેં ભલા ભલા દીઠા રાજન, તે સઉ હારી ગયા મહાજન. કોઇની ગાજી હું નવ ગઇ, અથાગ નર આવ્યાતા અહી; તમે ભાગ્યો મારો હંકાર, શીતેરલાખ જીત્યા આવાર. માટે આજ રમવાને હોડ, મંડાવી આજ તમસુ હોડ સીતેર લાખ જીતુ તો લઉં હારુ તો ઇશકામત દઉં, એમ કહી બાજી ધરી, રમત હતીતે જારી કરી; ઘણી ચતુરાઇ કરીતે નાર, જીત્યા બાજી રાજકુમાર. ઉતરી ગયું વીનતાનું મુખ, ઘણું તે પામી દુઃખ; ચંદ્રઆભમાં પેસે જેમ, વીનતાનું વદન ગયું છે તેમ. નીચું જોઇને વીનતા રહી; ત્યારે કુંવરે વાણી કહી; વળી કાંઇ હોય

મનાં ક્રોડ, તો તો પાડો બીજી હોડ; હાર્યો જુવારી બમણું રમે લા-
ખી મુખ બોલી તે સમે, ધનમાલ મુજ પાસે નથી. એક વાતે રમશું
સર્વથી. અમીર ઉમરાવ રાજા તન, ગુલામ કરી રાખ્યા ભોવન; તેની
હો મારૂ અમો, જીતો તો લઇ જાવ તમો રાજકુંવર હરખ્યા તે ઠાર
માંડી બાજી નવ લાગી વાર, પરમાર્થનું કરવું પુન્ય, છોડાવું રાજ-
કુંવરના તન પ્રભુ લાજ રાખજો મહારી, એમ કહીને રમત જારી
કરી; તે બાજી જીતીયો રાજન, વળી મુખથી બોલ્યો વચન. બીજું
હોય તો ફરમાવો કાજ, લેશ માત્ર ન રાખશો લાજ; નીચુ જોઇ વી
નતા રહી, ગદગદ કંઠે વાણી કહી. સરવે વસ્તુ હારી આ ઠામ. ક-
થીર સરખું ન રહ્યું નામ; નશીબો આગળ કરૂ; માહારી કાયા હું
હોડમાં ધરૂં જો જીતું તો સરવે લઉ, હારૂં તો દાસી થઇ રહું; તે
પણ કબુલ કર્યું સાર, માંડી બાજી નવ લાગી વાર, રાજકુંવર ભાગ્ય
શાળી સહી, તે પણ બાજી જીત્યો તહી.

ગુણકા હારવાથી જીતનાં વાજાં વગડાવ્યાં અને તે વાત શહેરની
ગલી કુચીએ સર્વના જાણવામાં આવતાંગુણકા હાથજોડીને કહેવા લા-
ગી કે હું તો આપની દાસી છુ, જે કહો તે કરૂં. આપ મને જીત્યા છો
એમકહી દ્રવ્યનો ભંડાર વિગેરેની કુંચી તેમની પાસે મુકીને પુછયું કે તમ
મારૂં ગામ કયું? તમારા બાપનું નામ શું. હે સૂર્યસમાન તેજવાળા
આપનાં માતુશ્રીનું નામ શું છે? તમે બ્રહ્મા વિષ્ણું કે રૂદ્ર એ ત્રણ દેવમાં
થી કોઇ મનુષ્યરૂપ ધારણ કરીને મારો ગર્વ ગંજન કરવા તો પધાર્યા
નથી! આપમારી શંકાને દુર કરો હું પતીવ્રત ધર્મ પાળી આપની પા-
સે રહી સેવા કરૂં! મને આજ સુધીમાં કોઈ પણ પુરૂષનો સ્પર્શ થયો
નથી, એવાતમાં સત્યનારાયણ સાક્ષી છે મારા મનમાં ધારણા હતી કે
મને જીતે તે મારો પતી થાય! ઇચ્છા પુર્ણ થઇ છો મારા ભાગ્યનો

પાર નથી, આ વાતમાં હું અસત્ય બોલતી હોઉ તો મને બ્રહ્મ હત્યા છે માટે આપ, સત્યય વાર્તા કહી મારા થનના કોડ પુર્ણ કરો. આ વાતમાં જો તમે જુદુ કાંઇ પણ કહો તો મારા સોગન છે.

ચોપાઇ—એવાં વચન વીનતાનાં સુણી, રાજકુવરે વાણી ભણી; મારી વીતકની વાત, સાંભળજે ચીત સંગાત. જે પોતાને પડયું દુઃખ તે સરવે માંડી કહ્યું મુખ, એક મોટી મનમાં આશ, જઇશું બંકાવળી પાસ, ત્યારે ગુણકા બોલી વાણ, સાંભળ રાજા ચતુરથીજાણ; બંકાવળી ચામે પરી છે સાર, તેની શોભાનો નહી પાર તેની વાર્તાથાં ફુલ છે સહી, તેની શોભાંનો પારજ નહી; સહસ્ત્રપરી તેની રક્ષા કરે. રાત દિવસ તેની પાછળ ફરે. લક્ષ રાક્ષસ પરી છે રખવાળ, જે વીકરાળ સરખા કાળ; ફરતો કોટ છે તેને સહી, તે મધે વાડી છે તહી એક ઝાડને એકજ ફુલ, શોભા તેની દીપક અતુલ; પૃથ્વીમાં ચોકી નાગ પ્રમાણ, ઉપર જશણી શીર જાર. મધ્યે ચોકી પરી તણી, તેની શોભા શી કહું ઘણી; ચંદ્ર સુરજ નવ દેખે મુખ, ગુલબંટાવળી પામે છે સુખ. વીકટ વાટ છે તે સર્વથી, કોઇથી ત્યાં જવાતું નથી; કોણ માત્ર માનવની કાય; દેવ દાનવથી નવ જપાય. માટે તજો જવાનું નામ, મારા મનની પુરો હામ. એવાં વચન વીનતાનાં સુણી, રાજકુંવરે વાણી ભણી. જીવ ગયે ન મુકું નામ, હુંતો જવાનો એને ઠામ; કાળા માચાનો માનવી સહી; તેને જીતી જાયે નહી મુઠી જેટલાં તેનાં હાડ, ઢાળી પાડે મોટા પહાડ; બુધી માણસ જેવી બીજામાં નથી નિશ્ચે જાનજો સરવથી. માટે ત્યાં જવાનો નાર, નવ જવાય તો ધીક અવતાર તમો નામ ઠામ બતાવો બાળ, તો લઇને આવું તત્કાળ. કેદી લોક હતા. જેટલા, મુકી મેં દીધા તેટલા; અમીર ઉમરાવ જે કુમાર, તે સર્વેને કહયા બહાર, વસ્ત્ર આભુષણ આપી સાર, વીદાય કર્યા તેને તે

વાર; હરતાં કર્યાં સર્પનાં મુખ, ઘણાં દોહલાં ટાળ્યાં દુઃખ ઘણી આ-
શીશ દીધી છે સાક્ષાત, તે ઉપર એક દ્રષ્ટાંત.

એક બાળબચ્ચાવાળો બ્રાહ્મણ હતો કે જેને પેટ પુરતુ ખાવાનું પણ મળતુ નહોતું, તે બ્રાહ્મણના પુત્રને જનોઇ દેવાના તથા કન્યાદાન દેવાના વીચારમાં તેની પાસે દ્રવ્ય ના હોવાથી ડુબી ગયો હતો. પરદેશ જઇ કોઇ રાજા પાસે યાચના કરૂં તો ટીક. નહી તો મારી લાજ રહેશે નહી. તેમ બેસી રહે સીદ્ધિ નથી. આ પ્રમાણે મનમાં નિશ્ચય કરી પોતાની સ્ત્રીને કહ્યું કે પુત્રીનો કન્યાકાળ જાય છે જેથી હું દ્રવ્ય સંપાદન કરવા માટે પરદેશમાં જાઉં છું બાવાં પતીનાં વચનની સામે અનુમોદન આપતાં વિપ્રશુભ મુહતે પરદેશ જવા નીકળ્યો.

ચોપાઇ——એમ વીચારી ચાલ્યા વહી, પ્રભુ આશા મારી પુરો સહી; દીવસે ચાલે રાતે મુકામ થાય, એમ કરતો કરતો ચાલ્યો જાય ચાળીસ જોજન ગયા રૂપી જન. ત્યાં એક દીઠું વન; વનસ્પતી ત્યાં ભાર અઢાર, નમી રહી તેની બારે ડાળ; એક મારગ બીજી નહી વાટ, ઘણો મનમાં થાય ઊંચાટ; સોર થાય વરૂને વાઘ, ઘણો સાદ કરે તે જા. નવ દહી બ્રહ્મણ કેરી ધીર, હીમત રાખીને ચાલ્યો વિર; ભવિષ્યમાં જે બનસે સહી, એમ વીચારી ચાલ્યા વહી. આઘે જંગલ ગયો જેટલે, કઉતક એક દીઠું તેટલે; વજર પાંજર લોઢાનું દ્વાર. તે મધે વાઘ દીઠો સાર, બાર હાથ દિસે વિકાળ. તે દીઠો જાણે ખાસ તત્કાળ; પાછું ડગલુ ભરાતુ નથી. મન વિચાર કરે છે કથી. નીશ્ચય વાઘ ખાવાનો મુજ કાય. મનના મનોરથ રહ્યા મનમાંય; હમણાં નીકતી મુકે દોટ. ઝટપટ ઝાલશે મારી કોટ. નત્ર હાલે પાયે આકુળ વ્યાકુળ મનમાં થાય; તે સારદુલને વાચા થઇ. મુખ થકી તેણે વાણી કહી. અરે ભાઇ તું પંથીજન. આવ તને નવ કરૂં વીગત; એ વાતે સાક્ષી શ્રીરામ, સત કરી માનો આ ઠામ. જીવતદાન

આપો મુજનો આજ હું તો શારીક તારા કાજને; બ્રાહ્મણને આવ્યો વિશ્વાસ. ગયો તે પીંજરની પાસ. ઠરજોડીને ઉભો રહ્યો;. ત્યારે સાર દુલે બોલજ કહ્યો; ઉઘાડ દ્વાર હું નીસરૂં બહાર. હું કરીશ તુજને ઘણો ઉપકાર. વીપ્ર કહે એ અચરત વાત. કોણે પાંજરામાં ઘાલ્યો ભ્રાત; વીસ્તારીને કહોજી તમો. ત્યારે ઉઘાડું અમો.

દોહરોતેતે વારે સારદુલ બોલીયો. સાંભળ પંથીજન; મેં તો મારગ પાડીઓ સંતોષ્યું મુજ મન. ૧ પશું પંખી કે માનવી સહુનો કરતો આહાર; કોઇ માનવી માણાનો મળ્યો. ધડયો પીંજર આ દ્વાર. ભક્ષ ભોજન એમાં ભરી હું કરવા બેઠા અનોર; દ્વાર બંધ તેણે કર્યું કેદ કર્યો આ ઠાર. સાન કરી તેણે મુને. તે થયા સવાયો શેર; નર પીંજરમા હું પડયો; એક નવ સુઝે પેર. ૪ ક્ષુધા તરત પીડે ઘણી, ઝુરી બેઠો આ કામ; માટે ભાઇ કાડો મુજને, હું જીપું તમારે નામ આંખે આંસુ પડે, એમ કહીને કરે રૂદન; વીપ્રને દયા આવી ઘણી, પછી બોલ્યો મુખ વચન. હું તો કહાડુ. હું મુજને, પરમાર્થ પ્રમાણ; કદાપી ખાય તું મુજને તે વાતે સાક્ષી આણ. ચરછ ચંદ્ર એ સાખીયા શ્રી રામચંદ્રની સાખ્ય; બીજી પ્રતીજ્ઞા કીધી ઘણી સત સહસ્ત્ર તે સાખ ૮ તે વારે બ્રાહ્મણ રીઝી બોલ્યો. માન્યું પોતાનું મન; દ્વાર બંને ઉઘાડીયા, તે વેળા વ વેળા તે દન. ૯ નીકળ્યો વાઘ તેમાં થકી. બોલ્યો મુખ વચન; ક્ષુધા પીડે છે મુજને. હું ખાઇશ તારું તન. ત્યારે બ્રાહ્મણ બોલ્યો એ શી બોલ્યા વાણ; પરમેશ્વર વચમાંધર્યા તેં સમ ખાધા છે જાણ. ૧૧ વચન તારૂ મીથ્યા કરે. ધીકધીક તુજ અવતાર; બ્રાહ્મણ હત્યા ક્યાં છુટશો, સમજો મનમાં સાર. ૧૨

સારદુલે કહ્યું કે તુ શા માટે દુઃખ વેઠે છે, કારણકે ગુણ પાછળ અવગુણ થાય છે માટે તને હું નિશ્ચયપુર્વક ખાપશ. બ્રાહ્મણ કહે

કે તું મહાપાપી કહેવાઇશ ? તૂં મારા વચન શ્રવણ કર ? વીશ્વાસઘાતનું પાપ મોકું છે ગુણ ઉપર અવગુણ કરે એ નરકમાં પડે છે. સારદુલ કહે કે હું વાત માનું નહી. બ્રાહ્મણ કહે કે મારી સાથે ચાલ તો તને સાચી કરાવી દઉં અને જુઠો પડું તો તું મને ખાઇ જજે. અને જો હું સાચો ઠરૂ તો મારગે ચાલ્યો જઇશ. પણ જો લગર પુછે મને ખાઇ જઇજ તો ગૌહત્યા તને પાપ છે. સારદુષ કહે જો હું સાચો ઠરૂં તો જવા નહી દઉં, આવો ઠરાવ કરી બે નીકળ્યા તે ગંભીર વનના ઝાડ તળે આવ્યા, એટલે વીપ્રે વડને કહ્યુ કે તારી છાયા ઉત્તમ છે. તેને એક વાત પુછવી ? છે આવા વીપ્રના વચન શ્રવણ કરી, ત્યાં વડને વાચા થતાં વડે કહ્યું કે તમારે શી તકરાર છે તે મને કહો ? બ્રાહ્મણ કરગરીને પોતાની સર્વે વાત કહી.

દોહરો—ત્યારે તે વડ બોલ્યો તુજ વીથેકની વાત; તે સાંભળતાં ભાગશે, બેઉના મનની ભ્રાંત. ૧ ગંભીર છાયા માહરી શીતળ વાયુ વાય; પશુ પંખી કે માનવી. બેસીને સુખી થાય. રૂપી શ્રમ કરે મહારા થડે. સમાવું તેનો તાપ; ઉપકાર માહરો માની ધણો તું સાંભળ બ્રાહ્મણ વાત; ચુંટે માહારા પાન. કોઇ ડાળી છેદને કરે; તું સાચે સાચી માન. ૪ ગુણ પછવાટે અવગુણ સહો એમાં શો સંદેહ લખ્યા લેખ મટે નહી. તે ભોગવનારી દેહ. ૫ એવાં વચન વડનાં સુણી બ્રાહ્મણ થયો મન ભંગ; સારડેલ હતો તે સજ થયો. આનંદ પામ્યો અંગ ૬ સાચી વાત મારી મળી, તું જુઠો પડયો આ ઠાર; હવે ખાઊ તુજને; નવ લગાડું વાર ૭ ત્યારે બ્રાહ્મણ બોલ્યો. નહી માનુ એ વાત; બીજાને પુછો જઇ. પછી ગરજે મારી ધાત. ૮ વણ ધનસાફે મારે તુને. તે હત્યા બેસે તુંજ; સારદુલ કહે વળી. વેઠશું સુખે દુખે ભુખ.

ત્યારે બીજાને પુછવાનો નિશ્ચય કરીને ચાલ્યા. તે એક સરોવર કાંઠે જઇ ઉભા એટલે બ્રાહ્મણે કહ્યું કે અમારા દુખીયાનાના ભેદને ભાગો આવા શબ્દ સાંભળી સરોવરને વાચા થઇ કે શું તમને દુખ છે? સરોવરનાં વચન સાંભળી બ્રાહ્મણે સર્વ વાત કહી દેખાડતાં સરોવર નીચે પ્રમાણે બોલ્યુ

ચોપાઇ—સરોવર કહે વીપ્રને, સાંભર મારી વાણજી; ભવીષ્ય તે માટે નહી, જે કરમે લખ્યુ પ્રમાણુ. ૧ પ્રથમ વાત મારી સુણો વીતે છે માહારી કાય; તેવી વાતો સુણ્યા થકી સંદેહ મનનો જાય. ૨ સરોવર સુંદર હું સહી અમૃત સરખું નીર પીએ જળ આવી ફરી શીતળ થાય શરીર ૩. અન્ન વીના જાય અધ ઘડી જળ વીના ન જાય પળ એક એવા ગુણ છે માહરા તમો સાંભળજો વીવેક. ૪ ગુણ પછવાડે અવગુણ સહી નીશ્ચય આડો આંક સુખ દુખ કાયા ભોગવે તેમાં સારદુલનો શો વાંક ૫ એવાં વચન તેનાં સુણી બ્રાહ્મણ પામ્યો દુઃખ સારદુલ રીઝયો અતી ઘણો બોલ્યો પછે મુખ ૬ હવે તો ખાઉ તુજને જુઠો પડયો બીજી વાર, સાચી વાત માહરી મળી ભક્ષ કરૂં આ વાર. ૭ ત્યારે લાચાર થઇ બ્રાહ્મણ કહે હું દઉ લજી દ્રષ્ટાંત; હું હાર્યો જીત્યા તમો. તે ભાગી મનની ભ્રાંત. ૮ તે વારે શારદુલ બોલીયો, વળી જુઠો પડીશ આંય, ત્રીજી વાર હું ચુકવાનો નહી એમ શારદુલે વાણી કહી ૯ વળી આગળ ચાલ્યા સહી એક દીઠું શીઆળ બ્રાહ્મણ વાઘ ઉભા રહ્યા, બોલ્યા મુખ તત્કાળ

શીયાળ પાસે બ્રાહ્મને સર્વ વાત કહી, એટલે શીયાળે કહ્યું કે—તમારા બેમાં જુઠો કોણ ને સાચો કોણ ? તેની પુરી ખાત્રી કર્યા વગર હું ઇનસાફ કેમ ચલાવી શકું ? તે સ્થળ નજરે જોવું જોઇએ કારણ કે સારદુલ શી રીતે કેદ હતો ને પાંજરૂ શી રીતે ઉઘાડયું એ જોયા પછી

ન્યાય કરૂં ! આવા શીયાળનાં વચનથી વાઘને રીસ ચડતાં વાગે કહ્યું કે વઢને જળ કરતાં તું વધારે ડાહ્યો કેમ ! ચાલ ચાલ તને જગ્યા દેખાડું પછી તો ન્યાય આપીશ ? એમ કહી અસલ સ્થળે જઈને કહ્યું કે—આ મારૂં રેઠાણુ છે. આ પીંજરમાં હું હતો ને બ્રાહ્મણે તે ઉઘાડયું વળી હવે શું કપે છે ! આવાં વાઘનાં વચનથી શીયાળે કહ્યું કે-નજરે જોયા વગર મોઢાની વાત હું માનનાર નથી. તમે પાંજરામાં પેસો ને બ્રાહ્મણ ઉઘાડે તે નજરે જોયા પછી ન્યાય કરૂં આવાં શીયાળનાં વચનથી વાઘ તો ક્રોધથી તુરત પાંજરામાં પેઠો એટલે બ્રાહ્મણને કહ્યું કે તમે બારણું બંધ કરો ? પછી તે કહે એટ ઉઘાડજો, આવા શીયાળનાં વચનથી બ્રાહ્મણે તે સાંકળ વાશી એટલે શીયાળે કહ્યું કે—જે પ્રમાણે પ્રથમ તેણે કહ્યુ હતું તેમ કહો વાઘે કહ્યું કે હે ભાઈ! કમાડ ઉઘાડીને મને બહાર કાઢે તો હું તને ઉપ. કાર કરીશ. શીયાળે કહ્યું કે ગુણ પછવાડે અવગુણ હોય તો કમાડ ઉઘડેજ નહી.

દોહનો-વચન શુણી શીયાળના. વાઘને મન પડી ફાળ દગો, કરીને ઘાલીયો. હું આણીશ તારો કાળ તું શું ખાનોતો મુજને. બળ હોય તો નીકળ. બહાર. સ્નેહ કરી તને કહાડયો. ધીક ધીક તુજ અવતાર, ૨ બ્રાહ્મણનો જીવ બચાવીયો, વળી અદલ ચુકાવ્યો ન્યાય જે કરે તે ભોગવે, મુજ શીર દોષ નહી કહેવાય ૩ નાદાન તું સારદુલ થયો. મેં અદલ ચુકવ્યો ન્યાય, ગુણ પછવાડે અવગુણ સહિ તું ભોગવ તારી કાય ૪ એમ કહી ત્યાંથી ચાલીયો. શીયાળ ત્યાંથી જોય, બ્રાહ્મણ પાછો પરવર્યો કેવો ચુકાવ્યો ન્યાય. ૫ જગત જોમ કોડે કરો. જાઓ તમારે ગામ, વગર વીચાર્યું કદના રખે આજપછી તમ કામ. ૬ આસીશ દીધી, શીયાળને. બ્રાહ્મણ પંથ પળાય, ઉપ વીત દીધું પુત્રને- વળી પરણાવી કન્યાય. નાહાના ઉપર નવ ભુલ

નાહાનો શીયાળવો એહ, ભુધીએ જીતીયો વાઘને, કળી ન શકે તેહ ૮

ચોપાઇ—એવાં વચન વીનતાનાં સુણી. લાચાર થઇને વાણી ભણી; જાઓ કહેતાં જીભ કપાય. માટે સીદ્ધ કરી આવો રાય. આ વશો ત્યારે સુખ સહેલ. તમો આલશો ત્યારે કંગની રેલ; આવશો ત્યારે નીકળીશું બહાર. તે જાણજો તમે નીરધાર, મરવા ઉપર રીજ્યાં અમો. ઉતાવળ કરોની તમો; બાર વરસ સુધી જોશું વાટ, પછી કરીશું દેહની ઘાત; અવર પુરૂષ કરવાલી નથી. સત કરી માનજો સરવથી. એમ કહીને નામીયું શીશ. રાજકુંવર ઉઠયો તે દીસ; જોઇ શુકનને પંથે જાય નગર થકી નીસર્યો બહાર. લીધું પછી જોગીનું રૂપ, પ્રતીબિંબ પ્રગટયું રૂપ; ભસ્મ લેપન કર્યું છે કાયુ. વજ્ર કસોટા વાળ્યો રાય; શેલા શીંગીગળામાં સહી. જેસ્ટીકા તુંબડી કરમાં ગ્રહી; મનમાં બીતો નથી લગાર; જંગલમાં ચાલ્યો રાજકુમાર; માણસ નામે જંગલમાં નહી. ઝાડને આશરે બેસે જઇ; દુઃખે સુખે વીતે છે રાત. વળી પંથ ચાલે પ્રભાત. સાત માસ ગયા એમ જાણ. જંગલ આવ્યું એય નીરમાણ; ઘણા ભો છે અનેક જાત. ત્યાં મુકી નવ શકે કોઇ પગ કંથેરે કાંસકીને ગોખરૂ સહી, તે ઉપર ચાલવું તહીઃ બીજી વનસ્પતી બાર. ઘટા ઘુમ થ ત્યાં સાર, કયાં ઉગ્યો કયાં આથમ્યો સરી, એવું વન ભયાનક તહી; અંધકાર નવ સુજે ભાણ, પશુ પંખી મળીયા જાણ, શબ્દ સારદુલ શીયાલના થાય. તે દેખતામાં કંપે રાય; ઘણા શબ્દ મોટા વિકરાળ નાગના શબ્દ નીકળે બહાર. ફળ જળ તણું નહી નામ. કોઠે સોશ પડયો તે ઠામ; ઘણી છે કોમળ કાય. ગોખરૂ કાંટા પેસે પાય; મૃત્યું કાલ જંગલનું નામ. કોપ ઘાલી શકે નહી હાણ; દેવ દાનવથી ન જવાય તે છોડે પ્રાણ; તે ઇધે ચાલ્યો છે વીર. ઘણું દુઃખ પામ્યો તે શરીર હીમત

હીમત પોતે મુકતો નથી. મહા દુખે ચાલ્યો સરવરથી, વળી તે મનમાં કરે વિચાર. ચતુરાઇ કરી ને જીતી નાર- એતો પરમેશ્વરનો ખ્યાલ. પડે પાર કે ઓખે કાળ:લખીત વાત થાશે તેહ. એમ કહી ચાલે છે એહ.

શરીર છડાઇ ગયું રૂધીરની ધાર નીકળે છે. લાખો વીછીની વેદના થાય છે. પગનાં તળીયાં તરવાઇ જતાં પૃથ્વી ઉપર રહેતો નથી, ભુખ અને તરસ પણ પીઠે છે વાઘ આદિતા એબ્દથી પણ ન ડરતાં જંગલમાં ચાલ્યા જતાં સાત દિવસ વહી ગયાં કમ યોજનના તે વનથી બહાર નીકળ્યા ત્યારે સુર્યના દરશન થતાં રાજા મનમાં રા જી થયો અને ત્યાં પર્વત જોતાં ત્યાં પાણી હશે એમ મનમાં ધારી પહાડ પાસે આવતાં તે પહાડ નહોતે પણ એક વીકાળરાક્ષસ હતો તેને જોતાં ચૈતન્ય ઉડી ગયું ને જડ રૂપ થઇ ગયો પણ પછી જરા ધીરજ ધરી એકજ વાર મરવું છે એવો નીશ્ચયકરી રાક્ષસને તમસ્કાર કર્યો

ચોપાઇ—નમી કરીને લાગ્યો પાય ત્યારે રાક્ષસ બોલ્યો કાય; ક્યાંથી આવ્યો આ ઠામ ન આવે માનવનું નામ મારે ઇીસ્મતે આવ્યો અહીં એ વાતમાં સંદેહ નહી નીત પશુના કરીએ અહાર ઘણાં વરસ થયાં તે ઠાર માનવી ખાવાની ઇચ્છા થઇ તે તો આજ સંપુર્ણ થઇ દેવ દાનવથી નવ અવાય તો કોણ માત્રનું માંનવી કહેવાય માટે આજ જીવવું સારથક થયું તારીકાયાનો સ્વાદજ લઉ એવાં રાક્ષસનાં સુણી વચન રાજકુંવર બોલ્યો તે દંડ એ વાતે હરખ્યું મન સુખે ખાંઓને મારૂં તન જા તું મારી કાયા ખાય તો જીવ નીકળી સરગે જાય. પરદુખ ભંજન માહરા તમો વેહેલા થાઓ રુ:ખ પામુ અમો એવાં રાજકુંવરનાં સુની વ્યચન તવ રાક્ષસનું હરખ્યું મન ઘણો કોમળ અને રુપ વીશાળ વાણી સુણતામાં ઉપન્યું વહાલ મધુર વચનથી વાણી કહી,

આવ તુને નહી ખાવું અહીં મરવું તો કોઇને નવ ગમે શા માટે શાત માગો આ સમે બાળપણામા જોબન કાય કેમ આવ્યા જંગલની માંય પરમેશ્વરે વચમાં દરમીયાન નહીં ખાઉંએ નીશ્ચય માન પાંચ દીવસ પરોણા રહો દુઃખ સોચતે મુજને કહો આવું રૂપ તમારૂં સાંર શો છે તમારે નીત્ય આહર તે આણીને હાજર કરૂં વચન તમારૂં મુસ્તક ધરૂં રાજકુંવર કહે સાંભળો તાત કહું મારી ખાધાની વાત કહું ઘી રે વસ્ત્રપરમ વળી તેજાના શાકર વીરધાણુ; તે તણા અમો કરીએ અહાર તે કયાંથી આ જંગલ મોંઝાર.

એવાં વચન સાંભળી રાક્ષશે રાજી થઇ કહ્યું કે તું મહી બેશ હું ચાર ઘગીમા લાવું છું એમ કહીને તે તત્કાર ચાલ્યો તે વણજારાની પોઠ જતી હતી તેમાં પડયો અને માયા કરીને જે સર્વને લઇ લીધી ને આવીને વસ્ત્ર અન્ન ઘી ખાંડ અને ચાકરના ઢળલા કર્યા, તેમજ તાંબા પીતળનાં વાશણ પણ આગળ મુકત રાજકુંવર વીસ્મય થયો રાક્ષસે કહ્યું ઇચ્છાનુંશાર તું ખા નું મારો મસેરબાન છે તને જીવતદાન આપીદા પછી તે રાજકુંવરે બત્રીસ પ્રકારનાં ભોજન કરીને કહ્યું કે—નું બાપ અને હેં દીકરો મારી એકજ અરજ છે? રાક્ષસે કહ્યું કે—ડરનો ત્યાગ કરી તમે સુખેથી કહો કુંવરે કહ્યું કે આપણે સાથે બેસીને જમીએ પણ તમારી કાયા મોટી હોવાથી મને બીક લાગવાથી મારાથી ખવાતું નથી આંવાં વચન શ્રવણ કરી રાક્ષસે હસીને કહ્યું કે-જા મારી માયાનો પાર નથી તો પણ તારે માટે મનુષ્ય થઇને તારી પાસે બેસીને ખાઇશ

ચોપાઇ—રાક્ષસે માયા પોતાની કરી પહાડ જેવી કાયા પરહરી થયો થયો માનવી દેવ સ્વરુપ અચરજ પામ્યો પોતે ભુપ મારે હશી બોલ્યો રાજન હવે તો હરખ્યું માહરૂં મન એમ કહીને પીરસી

થાળ જમવા તે બેઠા તતકાળ ૨ અથરત વરુતુ આમળ ધરી આ રોગયે. પછી પેટજ ભરી બત્રીસ નાનાની સુખડી શાંર યાદી ફરતી કરે છે આહાર. ઘણાં સુઘડ ખાય છે પાન બેડાં બેહુ. જણુ ધરીને માન ૪ વાતચીત કરી બે ઘડી એમ કરતાં તહાં રાતજ પડી નીરભે થઇને સુતા તહા એમ ચાર પહોર રજની ગઇ તુ પ્રાતઃકાળે ઉઠયા બેઉ જણુ કર્યું બનેએ દંત ધાવન બળી બત્રીશી રસોઇ કરી જમીયા બન્યો પેટજ ભરી ૬ બમણી લેજત પડી બીજે દન તેમ રાક્ષશ રીજે મન કો દીન મોદીક કો દીત કંશાર કો દીન શીરો પુરી આહોર ૭ કો દીન વેડમીને સુખડી રાક્ષસ તણી ભાગી ભુખડી શાત દીવસ થયા તે ઠાર રાક્ષશ રીજયો અપરંપાર ૮ સ્વાદ ઇંદ્રીએ તે વશ થયો મુખ થકી તેનવ બોલીયો રાક્ષશ મનમાં કરે વિચાર રાજકુંવરને કહ્યુ તે વારહવે તમે પધાર્યા અહીં હું પુંછું તે કહોને શાહી

દોહરો—રાક્ષસ મુખથી બોલ્યો સાંભળ માનવી જાત શા દુખે તું નીશર્યો છે કહો મુખે વાત ૧ કોણ જાત છે તાહરી કોણુ માત કોણ તાત બાવપણે વનમાં ભમે શા રુપે મુજ ભ્રાત ૨ માંડી વાત મુજને કહો,. હું ભાગુ તાહરૂં દુ;ખ ઇશ્વરઆણે એ વાત્મમાં વીસતારી કહો દુખ ભાગીશ દુખ હું તાહરું. જયાં સુધી ઘટમાં પ્રાણુ; બત વચન છે. માહરૂ તું સાંભળ ચતુરસુજાણ. ૪ વચન આપ્યું તે, પણુ લીધું કર મોઝાર; પછે કરજોડીને બોલીયો, તે વેળા રાજકુમાર. ૫ સીરકસ્તાનનો રાજીઓ, તેહ તણો હું તન, ગુલબંકાવલી જોયા તણી ઇચ્છા મારે મન; રાજપાટ સરવે તજી, નીકળ્યો છું હું બાહાર; ફરતો ફરતો હું અહીં આવીઓ, તમો તણા ઘરબાર. ૮ હવે રજા આપો મુજને, તો જાઉ માર્ગ સીધ; તમો સમ ખાધા મુજ આગળ,વચન

આપુ મુજ નીધ. ૯ વીતક માંડી કહી, મેં તમારી સાથ; અને પાળો તમ તણુ, સમ કરો પરગાણુ ૧૦ એવાં વચન શ્રવણે સુણી. રાક્ષસ થયો મન ભંગ; કરમેકર અડાડીઓ, બોલ્યો તેને સંગ.

રાક્ષસે કહ્યું કે તે ફુલ રસ્તામાં પડયું નથી, બંકાવળી નામની એક નગરી છે તેની વાડીમાં એ પુષ્પ છે તેની ચોકી હું કરૂં છું મારા સરખા અઢાર સેનાપતિ છે. એકસો બાસઠ ચોની છે. તેના બાપની સૈન્યા પણ ઘણી છે, ત્યાં તમો શી રીતે જશો? કારણુ કે મનુષ્યથી ત્યાં જવાય તેમ નથી, તો તારાથી તે પુસ્પ શી રીતે લેવા શે પેહલી તો મારી ચોકી ત્યાં છે મેં પણુ નજરે તે પુષ્પ જોયુંનથી એમ કહી રાક્ષસ મનમાં દુઃખ પામવા લાગ્યો કે મારૂં વચન વ્યર્થ જશે. તે ગુણુ કર્યો છે, અમૃત વસ્તુ ખવરાવી છે અને જો મારૂં વચન વ્યર્થ જાય તો મને ધિક્કાર છે, માટે જો મારો જીવ જશે તો બેહેતર પણુ તારૂ કાર્ય કરીય. તમો રસોઇની તઇયારી કરો, હું એક રાક્ષસને તેડી લાવું. આવાં રાક્ષસનાં વચન સાંભળી રાજકુંવરે તો ચાર ઘડીમાં રસોઇ તઇયાર કરી રાક્ષસે પોતાની ભાષામાં એક રાક્ષસને બોલાવતા રાક્ષસે આવી સલામ કરતાં રાકુશ બોલ્યો કે આ કયાંથી લાવ્યા ? તેના ઉપર કેમ તમે દયા કરી! એ વાત તમે કહો'

રાક્ષસનાં વચન સાંભળીને કહ્યું કે એ દેવથી પણુ અધિક છે એના ગુણનો પાર નથી, તેથી અમૃત અહાર આપ્યો છે, તે પુત્ર કરતાં પણુ અધીક છે એનામાં ઘણા ગુણ છે મુખથી કેટલાક વર્ણવું ; એણે મારી ભુખ ભાગી ને હું નીમકહરામ થયો છું, એને મોટું દુઃખ છે તે દુઃખ દુર કરવાને તમને બોલાવ્યા છે. તમો પ્રથમ ખાઓ પીઓ પછી સર્વે વાત કરીએ એમ કહી બે રાક્ષસ ને એક મનુષ્ય એમ ત્ર બેઠા, અમ્રત સામાન ભોજન ખાતાં તો રાક્ષસ બહુ ખુશી

થયા, અને કહેવા લાગ્યા કે હે મનુષ્ય ! તારી બુદ્ધિને ધન છે અમારૂ મન તૃપ્ત કર્યું, તને શું દુઃખ છે ! તે કહે. જે વસ્તુ અમે નહોતી ખાધી તે તેં ખવરાવી માટે તારૂ જે કામ હશે તે અમે હોંશથી કરીશું ! ત્યારે પહાડે કહ્યું કે એને મોટું દુઃખ છે અને તે કામ થવાનું નથી. એને તો ગુલબંકાવળી જોવાની ઇચ્છા છે અને તે માટે તે વનમાં ભમે છે, મારે શરણુ આવીને તેને અમૃત ભોજન કરાવ્યાં ને હવે જો નીરાશ થાય તો આપણીને ધિક્કાર એ તે માટે તને બોલાવ્યો છે. અને તેનું કામ શી રીતે થાય તે કહો.

ચોપાઇ—એવાં વચન પહાડનાં સુણી, તેના મીત્રે વાણી ભણી: એ વાતની ચીંતા નહી, એનું કામ થવાનું શહી મોકલું મારી બહેનની પાશ. તે પુરવાની એને આશ. પ્રથમ ચોકી તેની સહી, તે નીશ્ચે કામ કરવાની તહિ. એમ વિચાર્યું મનમોઝાર, કાગળ એક લખ્યો તત્કાળ; ઘણી વિંતી લખી, તેડીઓ એક રાક્ષસ મુખી. જે ફરમાવો તે હું કરૂં, કહો આતા તો મુસ્તક ધરૂં; તે રાક્ષશ બોલ્યો તે ઠાર મારી બેન અબોલા સાર. તેની પાસે જાઓ વહી, આ માણસને સાથે લઇ; પ્રગમ જઇને આશીશ કરો, પછી એના ખોળામાં ધરો. તારા ભ્રાત તણો એ પ્રાણ. નિશ્ચય માનજ્ને સાચી વાણ; જીવ થકી કરજો જતન. જાણે પેટ તણો મુજ તન. જતન કરી એને એને રારાખજો. એની આશા પુરી પાડજો; મુખ જુવાની એવી કહી. તે સેવકે નામ્યુ શીશ ઉઠીઓ તે વેળા તે દીશ. એક હાથપદ બેસાડયો જાણુ બીજા કર ઢાંકી નીરનાથ; ગગન માર્ગે છાલ્યો વહી, ચાર ઘડીમાં પહોંચ્યો સહી; અબોલા બેઠી હતી મુકામ. ઘણી શોભા છે તેણે ઠામ; દીઠો અનુચર હરખી નાર, તેને જોઇને કર્યો જુહાર. મુખ જુવાની સઘળી કહી, ખોળા મધે મુકયા તહી; જોઇ મુખને હરખ્યા

મન ધન ધનરે આજનો દીન જોણે પ્રગટયો દીનકર સુર એવું તે માનવનું નુર એબોલા બોલી તે ઠામ મારાભાઇને કહેજો પ્રાણમ તમે મોકલ્યો તે માહાનો પ્રાણ નીશ્ચે કરી ભાઇ તું મનમાં જાણ અનુચર ત્યાંથી પળ્યો આવી તે રાક્ષશને મળ્યો, આવી હકીકત સરવે કહી. તે રાક્ષસ હરખ્યો તહીં.

એબોલાએ મનમાં વીચાર કર્યો કે આ મનુષ્ય મારી પાસે આવ્યો છે તેને મારા ભાઇએ મોકલ્યો છે માટે તેની બરદાશ કરવી જોઇએ આ રાજાનો પુત્ર છે. વળી બત્રસ લક્ષણો છે. માટે મેમુદા નામની જે મારી પુત્રી છે તે તેને પરણાવું એમ વીચાર કરી મેમુદાને બોલાવીને કહ્યું કે હું તને આ સાથે પરણાવું છુ .ચારે મેમુદાએ કહ્યું કે હું બહુજ ખુશી થઇ છું. તમો આને કયાંથી લાવ્યાં તે કહો?

ચોપાઇ–શીકાર રમવા ગઇતી બહા, ત્યાંથી લાવી રાજકુમાર; અચરત તે થઇને રહી. પછે તેણે વાણી કહી· માતાજી પરણાવે મુને. એતો સાચું કહું તુને; માતાએ પરણાવી તે સાથ, પછી રાજા સાથે કીધીવાત. એકાંત જગા પોતાની થહી. તેના ભરથારને તેડી ગઇ, પછી કરજોડીને બોલી નાર. તમે વીગનવાત કહો ભરથાર. રાજકુંવર પછે બોલ્યા તહી, મારી વીગત કહું છું અહી; હું છું રાજા કેરો પુત્ર, બાળપણામાં મેલ્યું ઘર સુત્ર. ગુલબંકાવળી જોવાનું મન. તે કારણ નીકળ્યો છું વન; અબોલા હરખી મન સાથ. તેણે મહેલ આપ્યો સાર. તુને પરણાવી આપી કરગરી. મુખ થકી વાણી ઓચરી· સુખે ભોગવે નરને નાર. વઇભવ ભોગથે અપરમપાર. જોઉ ફુલ તો ભાથે ભુખ. ત્યાર પછી ભોગવવું સુખ; પરમેશ્વરે મેળવ્યો જોગ. પણ નવ પહોંચ્યા મનના કોડ, બંકાવળી ફુલ જોવું એકવાર; તેથી સફલ મારો અવતાર; નહી તો હું રહેવાનો નથી સાચી વાત તો કહું કથી. અત્રાં

તે નરનાં સુણી વચન. પ્રસન થયું વીનતાનું મન; એ વાતની ચીંતા નથી. ગુલબંકાયળી દેખાંડીશ સરવથી એ અબોલા માતા મુજ જાણુ તે કહાડે છે મુજપર પ્રાણુ; ભંદ પ્રપંચ કરશે તે ઠાર. માટે જઇએ ચાલો ભરથાર. એવાં વીનતાનાં સુણી વચન. રાજકુંવર હરખ્યો મન; નરનારી બેઉ આવ્યાં ત્યાંય. અબોલાને લાગ્યાં પાય. દીઠાં નરનારીનાં મુખ. ઘણી રાક્ષણી પામી સુખ. ખોળામાં બેસાડી નરનાર. મુખથકી બોલ્યા તે ઠાર; શું છે નરનારીને દુઃખ બન્નેનાં ઉતરી ગયાં મુખ

હે માતાજી ! મારી વિનંતી શ્રવણ કરો ! મારા પતિને દુઃખ છે તેથી નિશ્વાસ નાખે છે ! સુખ ભોગવતા નથી. ખાવું પીવું નહી; હાસ્યકે વિનોદ. નહી સંસારીક સુખનો ત્યાગ કરી રાત દીવસ ઝુર્યા કરે છે. મારે માટે તમે ચતુર સ્વામી લાવ્યાં પણ મારી આશા પુરી થઇ નથી મેં ઘણી વીનંતી કરી કહ્યું કે જો હું ગુલબંકાવળી નહી જોઉં તો મારા પ્રાણ જશે. અબોલાએ છાતી સાથે દાબી માથે હાથ ફેરવી કહ્યું કે જો કે ત્યાં તો રાક્ષસોની ચોકી છે છતાં પણ સર્વની આંખમાં ધુળ નાંખી તને પુષ્પ દેખાડીશ મારૂં વચન સત્ય છે, પુષ્પ જો નજરે દેખાડું તોજ મારૂં અબોલા નામ સમજવું.

ચોપાઇ—એમ કહીને ગુમાવ્યું મન, નરનારીનું હરખ્યું વદન; ખાનપાન કરોની જઇ, તેડું ત્યારે આવજો અહીં. ગયા મુકામે નરનાર, અબોલાએ કર્યો વિચાર; એ નરનારીને થાશે સુખ, દેખાડું ફુલ તો જાય એ દુઃખ. વિચાર કર્યો તે ઠાર, તેડવા રાક્ષસ એક હજાર; આવી કરીને નમાવ્યું શીશ, જે કહો તે કરીએ આદીશ. અબોલા કહે કરો એક કામ, ઉંદરનું રૂપ ધરો આ ઠામ; સળંગ કરો બોણે ઠાર. જાઓ ગુલબંકાવળી મહેલ મોઝાર. ચોકીવાકોઇ જાણે નહી, એ રીતે કામ કરવુ સહી; તે રાક્ષસે વચન ચડાવ્યું શીશ, એમ કહી ચાલ્યા તે દીશ ઉંદર કેરાં

રૂપજ ધર્યાં, સળંગ પાડવાને પરવર્યાં; રાક્ષસ વિદ્યા તેને શી વાર, ક્ષણું માત્રમાં પાડયા પહાડ. તે વાડીમાં પડયું દ્વાર, પાછા ફરી આવ્યા તે ઠાર; અબોલાને કર્યો જુહાર, સીદ્ધ કામ કર્યું તે વાર. એવાં વચન રાક્ષસનાં સુણી, ખુશાલી વાધી મનમાં ઘણી; અબોલા મુખથી બોલી વાણ,સાંભળ તું તો ચતુરસુજાણ. ગુલબંકાવળી દેખાડું આજ, કરૂં તારા મનનાં કાજ; આ સળંગમાંથી જાઓ તહીં, દુરથી જોઇને આવો અહીં; કરશો લોભ તો થાશે ઘાત, નકી માનજ્યે સાચી વાત; એમ કહી તેડાંવ્યા દાસ તનક્ષણ આવી ઉભા પાશ. આ માણસને લઇ કરી, દેખાડો વાડી નજરે ભરી; શળંગમાંથી ધન ક્હાડશો બહાર, ઉભા રહેજ્યો જ્યાં ધરનું દ્વાર. જો વાંકો થશે એનો વાળ, તો તો આણીશ તમારો કાળ; જતન કરી દેખાડો જઇ, પાછા તેડી લાવજો અહીં. એમ કહી વળાવ્યો રાય, લઇ ચાલ્યા શળંગની ગાંય, જે ઠેકાણે પાડયું દ્વાર, ચાર ઘડીમાં આવ્યો તે ઠાર.

દોહરો—દ્વારને મુખ આવી કરી, બોલ્યા અનુચર વાત ગુલબંકાવળીનો બાગજ શહી, જુઓની તમે ભ્રાત. ૧ નીહાળીને જોયું નહિ, જાણે ઉદેકાર ઉદ્યોત; ઈંદ્રપુરી કોણ માત્ર, એવું દેખાય છાકમ જોત, રાક્ષસ સાથે બોલીઓ, જાવાદે મુજને બહાર; જોઉં ચરચા બહાર જઇ, પાંછા આવશું આ ઠાર. ૩ નહિ જવાદે મુજને, નહિ તો ખોઇસ પ્રાણ; જોયા વીના નવ રહું, શાચી માનજે વાત. ૪ જેમ દીપકમાં પડે પતંગીઓ, તેમ પડવા માંડયું બહાર; રાક્ષસે ઝાલી કરી, લીધો શળંગ મોઝાર. ૫ અરે મુરખ તું માનવી, એ શું કરે છે કામ; જીવ જશે એક પલકમાં, ખોઇશ મારૂં નામ. ૬ જક્ષ કે વથી રાક્ષસી, કોઇ દેખશે તારી કાય; ભક્ષ કરી જાશે તુને, તેનો શો ઉપાય. ૭ અબોલાએ મુજને સોંપીઓ, હું શું કરૂં આ ઠાર; બુદ્ધિભ્રષ્ટ તું કેમ થયો; મનમાં કર વીચાર. ૮ એવાં વચન વનાં સુણી, બોલ્યો મુખ વચન

નવ જવાદે મુજને તો, પાડીશ મારૂં તન. ૯ જીભ ખેંચીને મરૂં, કે મારી પેટ કટાર; જોયા વીના જવાનો નથી, મારે મરવું એકજ વાર. ૧૦ રાક્ષસે મન વિચાર્યું, આવી પડી મુજ શીશ; જે બનશે તે ખરી, આપી રજા તે દીશ.

રજા આપતાં કુંવર બાગમાં ગયો, મનનું ધાર્યું કરતાં તે જીવ જાય તોપણ ડરે નહિ તેવો દુરાગ્રહી હતો. બાગને જોતો જોતો રાજકુમાર ચાલ્યો જાય છે, તો સોનાના થાંભલા અને રૂપાના બારણા તો રત્ન જડીત એક દરવાજો જોયો, તે દરવાજાની બારી ઉઘાડી માંહી ગયો, તો ત્યાં એક સુંદર મહેલ જોયો, તો ત્યાં સ્વર્ગ કૈલાશને ઇન્દ્રની અનરાવતી નગરી કરતાં પણ વિશેષ ઠાઠ જોયો, વીશ્વકર્માએ દેવતાઇ કામ કરેલાં છે. જાણે કરોડો સુર્ય ઉગ્ય, હોય તેઘો પ્રકાચ હતો, ગુલબંકાવળીના હોજમાં હજારો ફુવારો છુટી રહેતાં છતાં ત્યાં એક રત્નજડીત્ર પાળનું સુંદર તળાવ હતું તેમાં ચિંતામણીના સમાન શોભાવાળું એક પુષ્પ હતું, લાલ પાંખડીઓ તે પુષ્પના ખાલી રહેલી હતી; તેને જોઇને કુંવરે મનમાં નિશ્ચય કર્યો કે આનું નામજ ગુલબંકાવળી છે. પોતાનું કાર્ય સીદ્ધ થયું એમ સમજી વસ્ત્ર ઉતારી જળમાં પડયો અને તે પુષ્પન તોડીને બહાર લાવ્યો ને લુગડાં પહેર્યાં, તે પુષ્પ કમરમાં બાંધી લીધું ને પછી મહેલ જોવાનો વીચાર કરી મનમાં આનંદ પામવા લાગ્યો કે હવે મારા પીતા દેખતા થશે, અને કલંક ઉતરશે. હે પ્રભુ તેં મારો ધર્મ રાખ્યો છે.

દોહરો—જોઉં ચરચા સહુ મહેલની, એમ વિચાર્યું મન; નીરભે થઇને પરવર્યો, ત્યાંથી તે ભોવન. ૧ ચાલ્યો મહેલમાં ચતુર નર, મહા શોભા અપરંપાર; દેવ કામ ઝળકી રહ્યાં, તેનો કહું વિસ્તાર. ૨ પુર્વ જન્મ સાચે કરી, રાજકુંવર ત્યાંહા જાય, લખીત વાત મટે નહિ,

આગ્યે લખ્યું તે થાય ૩ જોતો જોવા શ્રધળે ફરે નથી ડરતો મન માંય. જુવે છે રચના અતી ઘણી નીરખે છે રાજન પશુ પંખીને માનવ નથી નરને નાર આવી રચના કોણે કરી એમ કરી વિચાર એમ વિચારી તે ચાલીઓ ચઢ્યો સાતમે માળ રચના તે અતી ઘણી તરેહ તરેહના ખ્યાલ પુષ્પ નાના પ્રકારનાં સુગંધનો નહી પાર હી ચોળો હીરે જડયો ત્યાં સુતી એક નાર ૧૦ જોણે શશી ઝળકી રહ્યો રંભા કુળ અવતાર જાણે ચમકે વીજળી, આવ્યો માસ અશાડ.૧૧ તેજ ઘણું ;તે નારનુ વાગ્યું મોહનુ બાણ આંખે તમર આવ્યાં, જોતાં નીરખ્યો ભાણ ૧૨ મુરછા ખાઇ અવનીપયો જાણે સુતો સેજ વીનતા કાંમે નથી જાણતી ભર નીદ્રામાં છેજ ૧૩

ચોપાઇ—હીમત રાખી ઉભો થઇ વીનતાની શોભા શી તહી છુટા કેશ કુચ પર લપટાય જાણે મણીધરેની શોભાય પરવારી જોઇ થને થયો :ભંગ- તેથી અદકો અધરનો રંગઃ ઝાંખી પડે ઝારા જોત તેથી દત ઝળકે રદમોગ, મૃ અણી ભ્રકુટી ભાળ, મુખ કમળની શો-ભા વીશાળ, કુચ કમલની ઉપમા ઘણી, જાણે શોભા નારંગી તણી. કદળી લજયા પાતીને રહી, તેથી જંગા નાજુક છે સહી, ગુલાબ જોઇ લાગ્યો દાઘ, તેથી પગની પાની લાલ,આભુષણ તણો નહી પારજોતા ત્રમ થયો રાજકુમાર; નખ શીની નરખી છે નાર, નીસાસા મુક્યા તેણીવાર. ક્યાંથી પોચે મનના કોડ. ત્રણ લોકમાં નહી વીનતાની જોડ; ક્યાંથી ભાગ્ય મારૂ ફળે,એવી નાર કેમ મુજને મળે. કદાચ ત જાગી ઉઠશે, કરે કરોધ તો જીવજ જશે; હું આવ્યો તે શુ જાણશે નાર, માટે નીશાની મુકી એ ઠાર. એમ વીચારી ગયો તે ભણી. વીંટી કહાડી આં સ્ત્રી તણી, પોતા કેરી ઘાલી શઇ તેની સોભા નવ જાયે કહી છબી તેમાં પોતાની સાર, જેવું રૂપ તેવો આકાર; વીંટી તેમાં પોતાનુ

રૂપ અદલાબદલી કરી ચાલ્યો ભુપ. આવ્યો જહાં ગુફા મુકા મુકામરાક્ષસે મન કર્યો વિચાર, કેમ લાગી આવડી વાર; એટલે આવ્યો રાજકુમાર રાક્ષસ હરખ્યો તેણુ ઠાર. દીઠો માનવી હરખ્યું મન ઉંચકીને ચાલ્યો તે વન; અબોલા આગળ મુકયો જઇ; ઘણી ખુશાલી મનમાં થઇ; હસી મુખે બોલી વાણુ સુણો માનવી ચતુરસુજાણ; ગુલબંકાવળી જોયો બાગ, એવાં વચન બોલી મહા ભાગ.

મનના મનોરથ પુરણ થતાં ખુશાલીનો પાર રહ્યો નહી અને નર તથા નાર સુખેથી મળીને વાતનો વિચાર કર્યો ને સુંદરી ઘણી સુઘડ તથા રૂપમાં રતી જેવી હતી તે પ્રમાણે જોડું વિનોદ કરી રહ્યું હતું ઇંદ્રના સમાન બંને વૈભવ ભોગવતાં વતાં. પ્રભાતે ઉઠીને અબોલા પાસે જાય એટલે અબોલા બંનેને ખોળામાં બેસાડે અને બંનેના મુખને જોઇ આનંદ પામે જે જોઇએ તે આપે કોઇ વાતનું દુખ નથી, ખાય પીએ ને રંગથી રમે. એમ કરતાં એક દીવસ રાજકુંવરે કહ્યું કે જો તું કહે તો માતા પીતાને જઇ મળીએ. તારામંડળને હું મળ્યો; અને તું મારા પરીવારને મળ અને ત્યાં જઇ રાજપાટ કરીયે તોજ અવતાર સફળ થયો કહેવાય, રાજપાટ ભોગવવાની ઇચ્છા છે, અને વળી વરાવાનો વીયોગ ટળે. આવાં વચન શ્રવણ કરી મેમુદા બોલી કે–આપ ચિંતાનો ત્યાગ કરો ? શામાટે મનને દુખી કરો છો? આવાં વચન સાંભળી કુંવર ખુશી થયો, અને ભોગવિલાસ કરતાં રજની તો રંગમાં વીતી જતાં પ્રભાત થતા સ્નાન દાન ભોજનાદી કરી સોળ શણગાર સજી બંને અબોલા પાસે આવ્યાં.

ચોપાઇ–દીઠી નરનારીના દેહ, અબોલાને લાગ્યો નેહ; ખોળામાં બેસાડી જોડ, દીઠું મુખને ચાંપી કોડ. જાણે ઇંદ્રાણીનાં રૂપ, ગગનથી અવતર્યાંઓ ભૂપ; તેવી શોભા નરની થઇ, ઘણી રાક્ષસી મનમાં

મોંહે માગો માગો નર ને નાર જે માગો તે આપું આ ઠાર વચન તમારૂ મીથ્યા નવ કરૂં. જે માગો તે હાજર ધરૂં ઘણું મને આવ્યું છે વહાલ જે માગો તે આપું તતકાળ; તે વારે મેમુદા બોલી વચન હસી કરી તે વેળા દન માતા માગવા આવ્યાં નરનાર વચન આપો તો માગું આ ઠામ શત્ય વચન આપો કહે ધરી જે માગો તે આપું દીકરી રખે શરમાતાં નરને નાર ઇચ્છા હોય તે માગો આ ઠાર એવાં વચન અબોલાનાં સુની મેમુદાએ વાણી ભણી અમો નર નારી ફરી જોડ માતા પીતા મળવાના કોડ કુટુંબ પરીવારનાં જોઇએ મુખ તો થાએ માતાજી સુખ; મુજ સ્વામી ઝુરે રાત ને દન માત પીતા મળવાનું મન માટે રજા ન આપો રાય તોતેતો કુઃ ટુંબ મેળાવો થાય એવાં વચન બોલી તે સાથ ત્યારે અબેલાએ શીર મેલ્યો હાથ મુજને વચન બાંધી કરી એ શુ સુલક્ષણી મુર્ખે એ-ચસે કેમ વાળીશ મારૂ મન કેઇ પેર જાશે મારા દન તારો વાંક નથી લગાર તારા સ્વામી શીખવ્યું આ ઠાર મેંતો એને સોંપી તુને એણે દગો કીધો મુને વચન મારૂં મિથ્યા ન કરૂં, તારે વિયોગે નિશ્ચે મરૂં આમી.

કુંવરીનાં વચન સાંભળી અબોલાએ જવાની રજા તે વસ્ત્ર આભુષણ પણ આપ્યાં અને પછી પોતાનો એકાવળ હાર આપીને કહ્યું કે જો તમને દુખ પડે તો આ મારા વાળને અગ્નિ ઉપર મુકી ને બાળજો એટલે મને ખબર થતાં હું તમારૂં દુર કરવાને અઢાર હજાર રાક્ષસ લઇને આવી તમારા શત્રુનો પરાજય કરીશ એમ કહી બે રાક્ષસને બોલાવી આજ્ઞા કરી કે આ બે નરનારીને તે જ્યાં કહે ત્યાં મુકી આવો. જો તેનો રસ્તોમાં વાંકો વાળ થશે કે દુખ પામશે તો તેમને મારી નાંખીશ, માટે તેનો પહોંચ્યાનો હસ્તાક્ષરનો કાગળ લાવજો. આ પ્રમાણે રાક્ષસને આજ્ઞા થતાં રાક્ષસ તો તેઓને લઇ

લઇ ચાલ્યો રસ્તામાં પુછવા લાગ્યો કે ભાઇ તમારૂં કયું ગામ છે ? તે કહો તો અમે ત્યાં તમને ઉતારીએ? રાજકુવરે કહ્યું કે ફરદ શહેર અમને ઉતારો ! એમ કહેતાની સાથે તો રાક્ષસો તેને તે શહેરમા લાવ્યા ને લાખીના મહેલમાં નરનારીને મુકીને રાક્ષસ બારણે બેઠા રાજકુંવરનું મુખ જોતાં લાખી પરમાનંદ પામીને પોતાના મોતીના થાળથી વધાવી ઓવારણાં લીધાં ને પછી સર્વ વાત પુછતાં કહયું કે આપણ રાજાની કુંવરી છે, લાખી મનમાં રાજી થઇ, રાજ કન્યાને કહેવા લાગી કે આપણે બે સાથે રહીશું ખાશું પીશું એમ બે જણ વાત કરે છે તે દરમ્યાન રાજકુંવરે પોતાના મહોરબાનો ખુશ પત્ર લખીને રાક્ષસોને આપતાં તે ત્યાંથી તુરત અબોલાને જઇ મળ્યા ને મુખથી કેટલીક વાત કહીને કાગળ આપ્યો. હવે રાજકુંવર શું કરે છે તે તરફ જરા નજર કરીએ. રાજકુંવર ત્યાં હાસ્યવિનોદ કરી રહેલો છે એમ કરતાં સાત દીવસ જતાં કુંવરે લાખીને કહ્યુ કે મારે ગામ જવું છે: અહીં રહેવામાં શોભા નથી, થારે મારા પીતાનું કામ કરવું છે. તે જો આંખે દેખે તો મારુ પણ નામ રહે; માટે મારે હવે પાણી પીવા રહેવું નથી. લાખીએ કુંવરની આગ્ના થતાં તુરત સર્વ દ્રવ્યને વહાણમાં ચડાવ્યું કુંવરે કહ્યું કે તમે બે વહાણમાં બેશી જાઓ હું પણ રસ્તે આવીશ એટલામાં તો દદવાને આવી માથુ નમાવ્યું ને કહ્યું કે રાજાના બાળક કેદી છે તે કહે છે કે અમારા શાહાલ! જે કહો તે અમે કરીએ ને અમને જીવતદાન આપો એવી વાત સાંભળી લાખીએ કહ્યું કે આ વાત રાજારે કહ્યા પછી તમને જવા દઉ, રાજાને પુછવાથી રજા આપી.

દોહરો—જુઠી. વાત કરો તમો જુઠો કરો હંકાદ: આપ વખાણ જે નર કરે તે મુરખનો સરદાદ. ૧ મુલક મુલક ફર્યા તમે, તમ વીના ચતુર કોઇ, તે સાચુ જો જાણીએ, તો ફુલ દેખાડો

સોય. ૨ લબાડ વાત બોલો તમો વળી મનમાં ધરી હંકાર, એ બોલવું તે મુરખનું, ચતુર કરો વીચાર. ૩ બંકાવળીનું પુષ્પ મુજ કને, કેમ તમ આવે હાથ; એમ કહીને દેખાડીયું અચરત પામ્યું સૌ સાથ. ૪ એમ કહીને તેઠીઓ, એક અંધ જતો તો વાટ; આ નરને કરો દેખતો, તો સાચી માનીએ વાત. ૫ નહિ તો તમો ધુતારા સહી, જુઠા કેરી જાત; થાય અંધ જો દેખતો, નીશ્ચે સાચી વાત. ૬ આંખડી માંહે અંજન કર્યું, પાંખડી પુષ્પની એક, કાપી પડળ ઉડી ગયું ને રહ્યો તેનો ટેક. ૭ ઘણા વરસની ખોડ હતી, તે સારાં થયાં લોચન; ફકીરને ચરણે નમ્યો, હરખ ધરીને મન. ૮ જીવતદાન જાણે આપ્યું, ને ટાળી અમારી ખોડ; એમ કહીને કરી વીનતી, નમે છે બેઉ કર જોડ. ૯ અચરત પામ્યા ચારે જણા, નીશ્ચે એ તો વાત મારી કરીને લીજીએ, અથવા કરીએ ઘાત. ૧૦ એમ કહીને ઉઠીયા, ગ્રહી નગ્ન તલવાર; એ ફુલ અમને દીજીએ નહિં તો મારૂં આ ઠાર. ૧૧ ખુશીથી તું એ પુષ્પ આપ, નહિં તો તારો કાળ આવ્યો છે એમ સમજ, એવાં વચન સાંભળી તેણે મનમાં વીચાર કર્યો કે—ગગર સમજે મેં કામ કર્યું, મારી ચતુરાઇ સવ ચાલી ગઇ, પણ હવે લખી વાત મીથ્યા થનાર નથી, મારો પિતા તો આંખે દેખશે, જો કે અંતે ધર્મનો જય છે; જો હું તેઓને પુષ્પ ન આપું તો તે મારે તેમ છે, એમ વીચારી પુષ્પ આપ્યું ને કહ્યું કે ગુલબંકાવળીના બાગમાં તો આવાં લાખો પુષ્પ છે, તમારા મનને કીમતી છે પણ મારા મનને તો કોડીનું નથી. એમ કહી પુષ્પ આપવાથી ચારે જણ રાજી થઇ ફકીરને ત્યાં મુકીને પોતે પોતાના દેશ તરફ ચાલતા સરકસ્તાન આવ્યા; નગરમાં કુંવર આવવાથી વધામણી થઇને રાજા રાજી થયા, અને પુત્રનું મુખ જોવાની ઇચ્છાથી સામૈયા માટે તૈયારી કરી ને

અઢારે વર્ણ તે અમુલ્ય વસ્તુ જોવાની ઇચ્છાથી એકત્ર થતાં સર્વના કરતાં સર્વ હકીકત સાંભળી રાજાએ પુત્રને છાતી સાથે દાબ્યા રાજ કુંવરોએ પગે લાગીને સર્વ વાત કહેતાં આશ્ચર્ય પામી વખાણ કરી તમારા માવતરને ધન્ય છે, એમ કહેવા લાગ્યા, ત્યારે કુંવરોએ કહ્યું કે અમે ગયા તો લાવ્યા નહી તો બીજો તો દુખી થઇ જાત.

દોહરો—એમ વખાણ મહુનાં સુણી, તે ત્યારે હરખ્યો મન; ફુલમાંથી કહાડી પાંખડી, મહેલી તેણુ દન. અંજન કીધું આંખમાં, પોતાના પીતાયે; નેત્ર પડદો ફાટી ગયો, થયો દેખતો રાય. અંધ તે લોચન પામીયો, તેથી બીજુ શું સુખ; દાન પુન્ય કીધાં ઘણાં, ભીક્ષુકની ભાગી ભુખ. ૩ કંચન મેહ વરસાવતો, પાછો ધ્રનો પુર માંહ્ય, ચાર પુત્ર મુખ આગળે, શોભાં કહી નવ જાય. ૪ કોઇ વધાવે મોતીડે, કોઇ પુષ્પ બિછાઇ. ઘેર ઘેરથી લે વારણાં, નાના મોટા નરનાર. છત્રીસ વાજાં વાજી રહ્યાં, બોલે બંદીજન; ભાટ જાચક જશ બોલે ઘણાં, નહી કોઇને ઉચાટ, વાજતાં ગાજતાં આવીયા પોતા કેરે મુકામ; ખુશાલી વાધી સર્વને, મુખથી બોલ્યા તે ઠામ. ૭ ફરી લોચન મુજને આપીયા, પરમેશ્વરે બીજીવાર; તે પ્રતાપ મારા પુત્રનો, સફળ થયો અવતાર. ૮ નેત્ર સમાન સુખ બીજુ નથી, ઘણી ખુશી મુજ મન; હવે ખાઓ પીઓ ખુબી કરો, નગર મધે સહુ જન. ૯ એક વરસ લગી રહી, કોઇ ન કરે વણજ વેપાર; ખાનપાન ને રંગ રાગ, કરે સહુ નરને નાર. ૧૦ ધન ભંડાર ભરાવીયા ગરીબ લોકોને ઘેર, આઠ પહોરને સાઠ ઘડી, મોજ કરે બહુ પેર. ૧૧ ખુશાલી વાધી ઘરે ઘરે વાજે ઢોલ મૃદંગ; ખાય પીએને મોજો કરે, આનંદ સહુને અંગ. ૧૨ તાજલમુખ પાછો દુ:ખી થયો, ને રહ્યો વન મોઝાર; હવે ગુલબંકાવળી જાગી ઉઠી, હું તેનો કહું વીસ્તાર,

હવે બંકાવળી તરફ જરા નજર કરીએ ? બંકાવળી વગ્ન પહેરી બહાર આવી હોજમાં મુખ ધોઇ વેણી સમે કરવા જતાં હાથ ઉપર નજર પડતાં આંગળીએ પોતાની વીંટી ન જોતાં કોઇ પુરૂષની વીંટી નીરખી વીચારમાં પડી કે આટલી ચોકી છતાં તે પુરુષ શી રીતે આવ્યો! એ પ્રમાણે વીચાર કરતા જ્યાં તળાવમાં નજર જાય છે કે પુષ્પ જોવામાં આવ્યું નહીં, તેથી વિચારમાં પડી કે આ કામ કોણે કર્યું હશે ! જો કે મહી દેવ કે દાનવથી અવાય તેમ નથી છતાં તે આવ્યો અને મારૂં મુખ જોઇ ગયો તેથી તેની માતાની કુખને ધન્ય છે ! તેણે મને નાગી જોઇ નીદ્રામાંથી મારી વીટી બદલી ગયો મારા કુચ ઊપર હાથ પણ મુકયો હશે ! મારા કુંવારાપણાનો વરતનો ભંગ કર્યો, માટે હવે બીજા પુરૂષ ભોઇને બાપ ! તે પુરૂષ સાથે વરૂ નહી તો જીવનો ત્યાગ કરૂં એમ વિચાર કરી હજાર પરીને બોલાવી પરીઓ આવતાં તે ક્રોધ કરી બોલી કે તમે મારી શી નોકરી કરી અહીંથી પુષ્પ કોણ લઇ ગયું ! જે પુરુષ અહીંથી પુષ્પ લઈ તેને તુરત અહીં લાવો, નહીતો તમને મારી નાખીશ! રાક્ષસોને પણ ઠપકો આપી કહ્યું કે તમે મારા બાપનું નામ ખોયું, પુષ્પ જવાથી મારા પીતાને શુ જવાબ દેશો! માટે તુરત પુષ્પ લઇ જનારને શોધી કાઢો ! આ પ્રમાણે સર્વેને આજ્ઞા કરતાં સર્વેને રીસ ચઢી!

દોહરો—રાક્ષસ સઘળા કોપીઆ, કોણે કર્યું એ કામ અકીતી, થઇ જગતમાં, ખોવ્યું બાપનું નામ. ૧ ખોળ કરાવી અતી ઘણી; મોકલ્યા રાક્ષસ દશ વીસ; પકડી લાવો ચોરને, તેનું છેદીએ શીશ. ૨ હજાર રાક્ષસ દોડીઆ, કોઇ ગગને ચડીયા જાણ; પહાડ પર્વતજંગલ સહી; શોધી વળ્યા નીરવાણ. ૩ ઘણા મુલક સોધી વળ્યા; પણ નવ લાગી વાર; નીરાશ થઈ સહુ આવીયા, દેખીતા વીકાળ. ૪ નામ

નીશાન જાણુ નહી, તે કેમ આવે હાથ; નીરાશ થઇ બેઠા મહી; ગ઼ા ક્ષસ કેરી સાચ. ૫ ઠામ ઠેકાણુ તેનુ મળે, તો શોધી કહાડીએ ગામ મ.રા મહેલમાં લાવીએ; પાછું ફુલ આ ઠામ. ૬ એમકહી કળકળ્યા, કોણુ પુરૂષ એ હોય, સહુનુ મુખ ઉડી ગયું, કારણુ ન મળે કોય. ૭ સહસ્ત્ર પરી શોધી વળી, જોયા મુલક અપાર; થાકીને આંવી સહુ બંકાવળી જે ઠાર. ૮ કરજોડી કરી વિનતી, જોયા પહાટને વન; વસ્તી જોઇ બીજી ઘણી, શુ કહુ મુખે વચન. ૯ ગુલબંકાવળીએ વિચાર્યું, મારે કરવું એ કામ. ખેલ પ્રપંચ કર્યા વિના; કેમ પહોંચે હામ.

મનુંષ્ય બુદ્ધીયો પાર નથી, એથો મનમાં વિચાર કરી ગુલ-બંકાવળ જાતે વેશ બદલી ઉઠીને સમુદ્ર ઉલ્લંઘન કરી ઉતર દિશા જોઇ ઉપર કયાંય પતો લાગ્યો નહી, નાના પ્રકારના વેષ ધારણુ કરી દીધો ને ત્યાંથી પુર્વમાં ચાલતાં ચાલતાં ઘણાં નગરો જોયાં, પણક્યાંય પતેતો ન લાગતાં છેક નાઉમેદ થઇ જતાં અંતે સીરકતાન પહોચી. તે શહેરની રચના વિગેરે જોઇને તે આશ્ચર્ય પામી કે ઘણા મુલક જોયા પણુ આવો આનંદ કયાંય જોવામાં આવ્યોજ નહી.

દોહરો–તે નગરીમાં સંચરી, ધરી મરદની કાય; પુછવા લાગી લોકને, શો હરખ છે પુરમાંહ્ય, ૧ ઘેર ઘેર રંગ રચી રહ્યો, હરખેસહનાં મન; વસ્ત્ર આભુષણ સર્વે સજ્યાં, શુંછે દીવાળીના દન. ૨ એવાંવચન શ્રવણે સુણી, બોલ્યા તે પુરના લોક; નીત દીવાળી આ દેશમાં, નથી કોઇને મન શો. ૩ અમારા રાજાના નેત્ર ગયા, નથી કાંઇ તેનો ઉપાય હકીમ એક બોલ્યા અહી, ભરી સભાની માંહ્ય. ૪ ગુલબંકાવળી પુષ્પ મળે સહી, અંજન કરજો, રાય; સો વરસનો અંધ હોયજો, કદીતરત

દેખતા થાય. ૫ એવાં વચન તેનાં સુણી, ખોળ કરાવી અપાર; કાંઇ ભાળ લાગી નહી, દીલગીર થયો ૮ રાય. ૬ એના ૬ પુત્રો છે ચારે પરાક્રમી તેણે કરી સલામ; જંગલ જંગલ જે ભમ્યા. લાવ્યા ફુલ આ ઠામ ૭ અંજન કીધું આંખમાં, થયો દેખતો રાય; ખાપણ ટળી આંખની, આનંદ અંગ ન માય. ૮ પૃથ્વીપતિ ઘણું રીઝીઓ, બોલ્યો મુખે બોલ; એક વરસ લગી સહુ મેદની, ખાવો પીયો કરો કલોલ. ૯ ખજાના આપયા છે ગર્થના, જેને જોઇએ તે ખાય; નીત દીવાળી સર્વને, આનંદ અંગ ન માય. ૧૦ એવાં વચન તેનાં સુણી, હરખી બંકાવળી મન; ધન્ય ધન્ય ભાગ્ય મારૂં; ધન્ય આજનો દન. ૧૧ સફળ દીન થારા થયો, મળી નીસાની આ ગામ; ફુલ તણો એ તસ્કાર તહી, મુજને મળીઓ ઠામ. ૧૨ પ્રસન થઇ મનડા વીખે, ગઇ સહેરની બહાર; આગળ જળ છે નદી તણું, ઉતરીયાં તેને ઠાર. ૧૩ જળક્રીડા વનીતાએ કરી, શુદ્ધ કર્યું શરીર, અદભુત રૂપ કર્યું નર તણું, જેણે કાંઇ બાવનવીર. ૧૪ દેવતાએ વસ્ત્રે અંગે ધર્યા, સજયા ત્યાં શોભીતીસોળ, મરાઠી પાઘ મસ્તક ધરી, મુખે રાતાં તંબોળ, સ્વરુપ પ્રકાસ્યું પોતાતણું નર તણી નહી કાય; કોઇ દ્રષ્ટે જોઇ નવ શકે, જબકારો આંખ મીચાય. ૧૨ કેડે કટારી વાંકડી; શોભે કટારને બાણ; એવી સોભામાંથી આવી પુર વીખે, ચતુર સુજાણ. ૧૪

ચોપાઇ—જોઇને હરખ્યા સહુ લોક, જે દેખે તેના શમીયાશોક ઘણી સકોમળ તેની કાય, સ્વરૂપે ચંદ્ર સુરજ જંખાય એવું કારમું કીધું રૂપ, જે દેખે તે હરખે ભુપ; નર નમે મુકયા અહંકાર એ કોઇ દેવાંશી અવતાર સ્રી દેખી કામાહેર થાય, ધન ધન એ હરની કાય; શોભા તણું એ છે સુખ. એવું રળીઆમણું શોભે મુખ. એમ મોહ પામ્યું બધું ગામફરે છેપુરમાંઠામોઠામ,જેદેખેતેનુમનચળે,તેનીપાછળનારી

ભમે. તે ખબર રાજસભામાં થઇ તખ્તપર બેઠા તે તહી અરજ બંગીએ કરી સલામ, વાત કહી તે ઠામ. કોઇ પુરૂપ આવ્યો નગરી માંહ્ય. તેની શોભા કહી નવ જાય; જાણે ઇંદ્રાસનનો ભુપ, ધરીને આવ્યો માનવીનું રૂપ. તેની શોભા કહેવાતી નથી. તે સમાન કોઇ પ્રથ્વીમાં નથી, ઘેલાં કીધાં સહુ નરનેનાર, જોવા મળ્યાં સહુ દારે દાર અરજ બંગીનાં વચન સુણી, જલદ થતું હરખ્યું મન. તે પુરૂપને લાવો અહી, એવી મુખથી વાણી કહી; ઘણી સ્વરૂપ છે રૂડી કાય, જોઇએ તેને લાવો આંહ, વજીર મોકલ્યો તેણે ઠાર; માન દઇને લાવે આ વાર; ઉઠયો વજીર નામીને શીશ, આવ્યો બજાર ભણી તે દીશ. કરી સલામ ને જોડયા હાથ; પછી વાત કરી તે સાથ; ધન્ય ભાગ્ય ધરતીનું સમી. તમ સરખો નર આવ્યો અહી. પ્રસન્ન થયું છે બધુ ગામ, ભલે પધાર્યા એણે ઠામ, રાજસભામાં ચાલો, સહી, રાજા મળવા ઇચ્છા તહી, મુજને મોકલ્યો તેડવા કાજ, ચાલો સભામાં જ્યાં મહારાજ; દીન વચન વજીરનાં સુણી, બંકાવળીએ વાણી ભણી. શાને દીલગીર થાઓ તમો, ચાલો સભામાં આવુ અમો; એમ કહીને ચાલ્યો ત્યાં, વજીર તણી ઝાલીને બાંય; રાજસભામાં ઉભા જઇ, જો તાં ખુશાલી સૌને થઇ, રાજાને દીધુ સન્માન, મુખવાસ આપ્યાં બીડાં પાન. કોણ દેશ નીકળ્યાં શા કામ, કોણ જાતને શું છે નામ; ત્યારે બંકાવળી બોલી તે ઠામ, મધરબ શહેર અમારૂ ગામ. સોદાગર કેરો હું તન, પુષ્પસેન મારૂ નામ રતન; ઉમેદવાર ચાકરીનો સહી, હાલ પાણુ ત્યાં રહેવું જઇ; સુણી વાત ને હરખ્યો રાય, મારી પાસે રહો બાઇ આંય.

ચોપાપ—એ વાતતો અહીથી રહી, તાજલમુખની શી ગત થઇ ફુલ ન રહ્યું પોતાની પાસ, છેક થઇ બેઠો નીરાશ; લહેનત મા-

રી! મીથ્યા ગઇ કીરતી જગતમાં તેની થઇ, લાખી આવશે લઇને વ-હાણુ. મુજ વીના તે તજશે પ્રાણુ; બંને સ્રીની હત્યા થશે, કેઇ પેરે તે છુટશે; એવો મનમાં કર્યો વીચાર, ચાલ્યો ત્યાંથી રાજકુમાર. જે રસ્તે બાઇ ગયા હતાં વકી, તે પગલે ચાલ્યો સહી; થોડા દીવસમાં ગયો તે ઠામ; સીરક્સ્તાન છે પોતાનું ગામ. જોજન એક રહ્યું તેહ, ચતુર નરે વિચાર્યું એહ; જો કદાપી નગરીમાં જાઉ, તો તો તરણાથી હલકો થાઉં, મારી વાત કોઇ માથશે નહી. મુજને મારી નાંખશે સહી, પીતા તણે મન હું તો કાળ, નામ સુણતામાં થાશે બેહાલ; મારૂં મોહ જોવાનું નથી, માટે ત્યાં જવાનો નહી કદી, માટે ત્યાં જાઉ તે ફોક, એવો મનમાં પ્રગટયો શોક; નથી સુજતો એને એક વિચાર, બેઠો જંગલમાં સેણ ભંડાર, એક તરફ નદીનું નીર, એક તરફ ઝાડી ગંભીર; બેટો કર કપાળે દઇ, બકાવલી સાંભળી આવી તહી, તેની કૃપાથી પામ્યો ફુગ, વળી વાળ આપ્યો છે અમુલ; કદાપી સંકટ પડે શરીર, બાળજે ધુપ અગનીપર વીર, તરત આવીને કરવાની સહાય; વચન આપ્યું છે મુજ કરેમાંય, તેને હું તો સમરૂં આજ, તે વીના નથી સરવાનું કાજ, એવું આપ વીચાર્યું મન, વહની પ્રગટ કર્યો તે દીન; કહાડયો વાળ નવ લાગી વાર, અગનીપર મુકયો તતકાર. આંચ આવી તેને જેટલે બકાવલીએ જાણ્યું તેટલે, થયું તે વીનતાને જાણુ. મ્હારા પુત્ર પુત્રી દુઃખમાં નીરવાણુ, નેણે વાળ મારો બાળ્યો સહી, તે સુ-ગંધ આવી અહિં, મારે કરવું તેનું કામ, અસ્વારી કરી એ ઠામ; અઢાર હજાર રાક્ષસને લીધ, પોતે પંથ કર્યો તે નાધ, સુગંધ વાળની આવી તહિં, તે દીશા ભણી વીનતા ગઇ, વાયુ રૂપ તેને શી વાંર, આવી જયાં બેઠો રાજકુમાર.

દોહરો—રાજકુંવર મુખ બોલીયો, જેવો ગુલબંકાવળી બાગ; તેવી

રચનાં કરવા સહી, હુતો જોઇ આવ્યો તે જાણ, ૧ નકશો ઉતારી આવીયો હોજબાગ અપાર; જે જે વસ્તુ દીઠી તહી, તે તે ચીત્રો ચોપાસ. ૨ જ્યાં જેવી શોભા હતી, ત્યાં તેથો ભરીયો રંગ; પટમાં સર્વ ચીતર્યું આણી મન ઉમંગ. ૩ ઝગમગ જોત ઝળકી રહી, એવું કર્યું માંહે કામ; પટ સોંપ્યો પોતે કર વીશે, વીશ્વકર્મા જેનું નામ. ૪ એ પ્રમાણે તમો કેરો મહેલ બાગને ઝાડ, મનોરથ પપોંચે મન ઘણા, પાળોની મુજ વાત. ૫ દશ કોશ ફરતો સહી, પીરજ ધરો રાજ્ય; એમ કહીને આવીઓ રાજા એ તે ઠામ. ૬ નીશાની પાડી તેને સમે રચવા માંડયું તે ધામ, દેવતાનું વરદાન છે; તેને શાની વાર ધારીને જોયું પેટમા રચવા માંડયો તે ઠાર. ૭ બાગ બગીચા ને વાંડીઓ બારી અટારી માળ, પુષ્પ ઝાડને વનસ્પતી. પટ પ્રમાણે રચ્યો ખ્યાલ. ૮ જે મુખથી બોલે શહી તરત તેવું થાય ઇંદ્રપુરીની રચના રચી એક રાત માંય ઝળહળ જોત ઝળકી રહી જાણે દીપય જોત દીન કર ઉગીયો એમ થઇ રહ્યો ઉદ્યાન રેજની વીતી તેણે સમે થયું સંપુર્ણ કામ. અબોલા પાસે ગયા કીધો દંડ પ્રણામ તૈયાર સર્વ ત્યાં કર્યું ફુલ ઝાડને ધામ. રજા આપો મુજને તો જાવું અમારે ગામ અબોલા હરખી ઘણી આપી તેને રજાય વીશ્વકર્મા ત્યાંથી ગયા પોમાનાં પુરમાંય.

ચોપાઇ—જોઇ બાગને હરખ્યું મન રાજકુંવર તેડયો તે દીન, તારા કારણ રચાવ્યો બાગ વૈભવ માંડો આ જાગ ઇંદ્રપુરી પૃથ્વી પર કરી જાણે સ્વર્ગપુરી આવી ઠરી તેથી શોભા અદકી હોય ઉપમા કહી શકે ન કોય સાંભળ કાજકુંવર આ ઠાર તારા બાગ્ય તેણો નહી પાર મરતુલોકના માનવ સહી કથા લેખામાં ગણીએ નહી તે તારા આધાન થઇને રહી ફરમાવોતે કરીએ સહી પુત્ર કરીને બોલી રહી, તે વચન પાળુંછું તહી ઘણું વેર માનવ સાથે જાણુ જોતાં વાર

તે લઇએ પ્રાણુ તેને આધીન થઇને રહી લખીત વાટ તે મીટે નહી એ સહુ પરમેશ્વરનો ખ્યાલ સુખ ભોગવો મારા બાળ માતાજી પુત્ર તમારો સહી આશા મારી પુરણ થઇ એમ કહીને નામ્યું શીશ અ બોલા પ્રસન્ન થઇ તે દીધ માથા ઉપર મુકયો હાથ સુખ ભોગવો મેમુદા સાથ; હીરા માણેક ઝવેર અપાર ઘણી રચના જોઇ તે ઠાર સોના રૂપાના પારજ નહી તે સર્વે બખસું છે લઇ ભર્યા અખંડ તેના ભંડાર ખાતા ખુટે નહી વગાર અબોલા ત્યાંથી પરવારી લસ્કર લઇને ઠામે ઠરી રાજકુંવરને હરખ અપાર ઘણી રચના જોઇ તે ઠાર ગુલબંકાલળીથી બમણું કામ તે રચના ઠામે ઠામ હવે ભાળ લા ખીની જાણુ આજકાલમાં આવશે વહાણુ દરીઆ કીનારે ઉભો જઈ વહાણુ આવતાં દીઠાં તહી હરખ્યો મનમાં અપરંપાર સુચો સામો તે રાજકુંવર નજીક ઝાઝ આવ્યું ; એટલે લાખીએ નીરખ્યો તેટલે સ્વામી મળવાને આવ્યા સહી ઘણી ખુશાલી મનમાં થઇ મછવો મુકયો તેણી વાર, તે ઉપર બેઠી નાર દાજકુંવરના આવી પાસ પહોચી મનમાં કરી આશ ચાકર નરને સઘળા દાસ ઉતાર્યા સચળા પોતાને અવાસ માલમતા ઉતારી લીધ, પાછા વહાણુ વીદાયે કીધુ મોજ કરે તે રાજકુમાર જોઇ રચના ઘણું હરખી નાર.

ચોપાઇ—ત્યારે કોટવાળે જોડયા બે હાથ, બોલ્યા રાજકુંવરની સાથ; તમો છો દેવાંશી અવતાર, અમ દેવ રચના દીઠી આ ઠાર, કોણ જાતનોતશુ છે નામ, કેમ વશીયા સહુ. એક મેણુમાં બે તરવાર કેમ રહેશે તે કરો વિચાર: અમ શહેર સમીપે વસીયા તપા, કઇ પેર કરશુજી અમો જુધ કરવુ હોય જો મત, તો તઇયાર છે મારો રાજન; રંગો કરવા આવ્યા આ ઠામ, એ વાતમાં રાજી નહી રામ એ

વાતનો પ્રતી ઉતર દીજીએ, પછે પંથ અમારો લીજીએ; ઇશ્વર આણુ એ વેળા સહી,સાચી વાત જો કહો નહી. લશ્કર મુજ પાસે નથી મારે લડવુ કોઇ સાથ નથી; નથી જોઇતું કોઇનું રાજ્ય. નથી લડવા નુ મારે કાજ, નથી કોઇની સામ મારે વેર, હું તો બેઠો છું મારે ઘેર; બેઠો ધ્યાન ઇશ્વરનું ધરૂં સત્ય વચને પાળું પંસરુ. સુખે રાજ તમાઃ કરો, તમે તમારે પંથે ચરો ત્યારે કોટવાલ હરખ્યો મન, માગી શીખ ઉઠયો તે દન. ગયો પાછો પોતાને ગામ, વજીરને મળ્યો તે ઠામ, વાત વિસ્તારી સહુને કહી, જે જે વાત તે સાથે થઇ. સરોવરને સઘળુ છે આણુ, ઇંદ્ર સરખો રાજા તે ઠાણ; મને ઘણી આબરુ આપી સહી, સંતોશીને મોકલ્યો અહી. ત્યારે વજીરની થઇ નીશ્ચય, આવ્યો રાજ સભાની માંય, દંડવત કરીને નામીયુ શીશ. પછી ભૂપ બોલો તે દીશ. આપણા શહેરથી ત્રણ જોજન, ઘણી ઝાડી ભયાનક વન; ત્યાં તો વસાવ્યું કોઇએ શહેર, દેવ કાણુ દેવતાઇ મહેલ ઇંદ્રાસનથી શોભા બહુ, શું મુખે વીસ્તારી કહું. આપણા લોક વસ્યા ત્યાં જઇ, અડધ નગરી ખાલી થઈ. કોટવાલને મોકલ્યો તે જાગ્ય તે જઇને જોઇ આવો બાગ; પુછી વાતનો લાવ્યો પાર, તે પણ વાત કહું આ ઠાર, ઘણું રૂપને શોભા વિશાળ. છે કોઇ પરમેશ્વરનો લાધ કહુ કાંઇ નડતો નથી, સુખે રાજ કરો સર્વથી.

વજીરનાં વચન સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો ને સભા પણ વીસ્મય પામી કે, આપણા શહેરને પાદરે કોણે ગામ વસાવ્યું ? એવો એ માથાનો કોણ છે? વજીરનાં વચન પણ અસત્ય હોય નહિ. રાજા ને ચિંતા થઇ કે હવે શી રીતે શંકા દુર થાય ? કારણ કે મનુષ્યનુ આ કામ નથી; કોઇ દેવ દાનવનું કામ છે. માટે જો કદાચ હું ત્યાં મળવા જાઉ ને મને કેદ કરી રાખે તો મારૂ હાસ્ય થાય. આવો મ

નમાં વિચાર કરી વજીરને કહ્યું કે તમે ચતુર છો માટે તમે બરાબર તપાસ કરો એ દેવ દાનવ કે મનુષ્ય છે તે તપાસ કરો ? જો કપટી હોય તો યુદ્ધ કરીએ ને સરલ હોય તો મૈત્રી કરીએ આવાં રાજાનાં વચન સાંભળી વજીર તુરત છડી સ્વારીએ ત્યાં ગયો દુરથી તે શહેરની ભવ્ય રચના જોઇયે આનંદ પાંમ્યો આ પ્રમાણે શહેરની અનુપમ રચના જોતો જોતો વજીર દરબારમાં આવ્યો ને સલામ કરી કહ્યું કે સિરકસ્તાતના રાજાનો હું વજીર છું.

દોહરો—એવાં વજીરના સુણી વચન, પ્રસન્ન થઇ બોલ્યા તે દન; મોતી બાગમાં બેસાડો; જઇ હું મળવાને આવું તહી. આગતા સ્વાગતા કરો અપાર, પાન ફુલ મુકોને ઠાર; એવાં વચન છેવટે સુણી ગયો સામો વજીરની ભણી કરજોડીને કર્યો જુહાર, બેસાડયો મોતી બાગ મોઝાર; પાન ફુલ આપ્યાં મુખવાસ, સુંધંડ મુકી છે ચોપાસ અતરનો હોજ ભર્યો છે તહી, ફુવારા જારી કીધાં છે સહી વજીર દીગમુઢ થઇ ગયો, શોભાં જોતાં અચરત થયો. ઠામ ઠામ મો તીના ઝામ, એક મોતીનુ નવ થાયે મુલ; એવાં કોટી મોતી ચોપાસ દેવ રચના દેતતાઇ વાસ. માનવ કેરૂં નથી એ કામ, શીવ વિષ્ણુ કે બ્રહ્મનુ કામ; એમ વિચાર કરે જેટલે, રાજકુવર આવ્યો તેટલે વજીર ઉઠીમ લાગ્યો પાય નિશ્ચે દેવતા એ કહેવાય એવું રઢીઆળુ દીઠું રૂપ ઇંદ્ર સરીખો દીઠો ભુપ ત્યારે વજીર કરજોડી રહ્યો રાજકુવરે બોલજ કહ્યો કોણુ દેશને શુ છે નામ શા અર્થે આવ્યા આઠામ ત્યારે વજીરે કરી વીનતી સીરકસ્તાનનો પ્રથવીપતી જલદશંગ રાજાનું નામ તેનો મોકલ્યો આવ્યે આ ઠામ વજીર તેના છીએ અમો અરજ એક સાંભળોની તમો આ દેવ રચના દેવતાઇ મહેલ એ આગળ ઇદ્રાસન સહેલ તમે

છો ઇંદ્રાસનન ભુપધરી આવ્યા માનવનું રૂપ અમારા ગામનુ પાદર સહી નોતમ રચના કરી અહી; જોએ અનેક મન મને સહી માટે મને મોકલ્યો અહી કીરપા તમારી હશે સહી તોતો નગર વસવાનું અહી; નહીતો કોઇ માણુસની થાશે હાણુ વીપરીત વાત સાચી નીરવાણુ કીરપા દ્રષ્ટી તમારી હોય તે રાજા થળવા આવે સોય એવાં વચન.રાજાનાં લઇાં રાજકુવરે બોલ્યજ કહ્યા. તમારા રાજાને કહેજો મુખ, શાને તમે ધરો છો દુઃખ સુખે ભોગવો તમારૂં રાજ, શાને મનમાં કરો છો લાજ; ચીંતા ફીકર કાંઇ કરવી નહીં, સુખે તમો એ વાતમા રાજી અમો, ત્યારે કરજોડી કરી વિનતી, આઠમે દીવસ આવશે અધીપતી એમ કહી મંદીર જાય પાછો આવ્યો જયાં રાય,

વજીરને વિદાય કરી પોતે સ્ત્રી પાસે ગયા ને હસીને કહ્યું કે આંજ મનની આશા પુરણુ થઇ કારણુ કે મારા પીતા અને મળવા આવનાર છે, અન્યો અન્ય મુખ નીરખી વિયોગને દુર કરશું માટે પીતાની આગતા સ્વાગતા કરી યશ સંપાદન કરૂ. આવાં વચન પતિનાં સાંભળી મેમુદાએ કહ્યું કે અબોલાનું સ્મરણુ કરીએ કે તુરત આવશે ને જોઇતી ચીજ લાવશે એવાં સ્ત્રીનાં વચન સાંભળી વાળનો ધુપ કરતાં તો અબોલા આવી પહોચી તેને ચરણ રાજકુવર એ સીને નમસ્કાર કર્યો. અબોલા આ જોડાને નીરખી બહું રાજી થઇ લાખીનાં સંબંધમાં વાત સાંભળીને પણુ અબોલા ખુશી થઇ ખોળામાં જોડલાને બેસાડી અબોલાએ માથે હાથ ફેરવ્યો ને કહ્યું કે કહો મારૂં શું કામ છે ? જે ઇચ્છા હોય તે તુરત માગો. કુંવરે કહ્યું કે માતાજી તમે આપો તે તો બીજા કોઇથી અપાય તેમ નથી અહી સ્વર્ગ સમાન સુખ ભોગવીએ છીએ તે તમારોજ પ્રતાપ છે આ

તમારી મેમુદા દીકરીને મળવાનું મન થતાં તમારૂ રસરણ કર્યું કે તમે તુરત આવ્યાં, માટે આજનો દીવસ ધન્ય છે, માતાજી એક વીનતી છે કે મારા માબાપીતા બાગ જોવા આવે છે તેથી આનંદનો મેહ વરસી રહેલો છે. અમે ઘણે વરસે માતા પીતાનું મુખ જોઇશું વિયોગ મટશે એવી આગ્ના જો થાય તો મારી કીરતી જગમાં થાય અબોલાએ કહ્યુ કે જે ઇચ્છા હોય તે કહો હમણાં લાવું.

આ સર્વ વાત સભામાં થતાં ગુલબંકાવળી ત્યાં હતી તેણેમનમાં વીચાર કર્યો કે—મારા ફુલનો હરનાર તો નીસ્ચે તેજ પુરૂષ હોવો જોઇએ માટે મારે પણ ત્યાં જઇ રચના જોવી જોઇએ; રાજાએ વજીરનાં વચન સાંભળી પરમાનંદ પામી તે સ્થળ જોવાનો નિશ્ચય કર્યો ને સવારી તઇયાર કરવાની આગ્ના થતાં સરવેએ આવી રાજાને સલામ કરી રાજા એક હજાર માણુસ સાથે લઇને છડી સ્વારીએ એ અમીર વજીર કોટવાલ ને પોતાના ચાર પુત્રને લઇને નીકળ્યા ગુલબંકાવળી પણ મરદ વેષે જાય છે રાજા ઘોડા ઉપર સ્વાર થયો છે ચારે પુત્ર ઘોડા ઉપર છે છત્રીસ વાજાં વાગી રહ્યાં છે રાજાના મનમાં આનંદ છેકે ક્યારે હું એને જોઉં જ્યાં એત્રણ ખેતરવા જાય ત્યાં તો ઉતમ ધામ જોયું મુખમલના બીછાના જોયા તથા જરીના તંબુ જોયા આવી અદ્ભુત રચના જોઇ રાજા વિસ્મય પામ્યો ને વજીરને કહ્યું કે આ બાર કોશના મુકવામાં આવી રચના કોણે કરી ? વજીર કહે કે આ નવીન ખેલ આજે થયો કાલે અહી તો કાંઇ પણ નહોતું.

ચોપાઇ—એમ કરતાં ચાલી આવ્યા પાગ, બારણે આવી રમલા તે દાસ; કરજોડીને બોલ્યો તે દાસ જલદ રાજાને નમાવ્યું શીશ વિશ્રામ ઠામ કર્યા તમકાજ એ સ્થળે વિશ્રામ કરો મહારાજ; એમ કહી લાગ્યા પાય રાજા મનમા અચરત થાય અસ્વારી રાખી તે રાય

પોતે ગયો તંબુની માંય શોભા જોતાં અચરત થાય કહો ભાઇ આતે શું કહેવાય અચરજ પામ્યા સઘળા લોક, સમીયા તેના મનમાં સોક દેવતા સરખા ત્યાં વીસ્મે થાય સહું રચના જોઇ તે રાય ખાનપાન મેવાને ફુલ સુગંધ બેહકી રહી છે અમુલ જલદરાય બેઠા ત્યાં જઇ જાણે ઈંદ્રની શોભા છે તહીં ચાર ઘડી કર્યો તે ઠાર પછી સ્વારી કરી તઇયાર ત્યાં આબરૂ જને દીધ સફળ જન્મારો મારો કીધ ક્યારે જોઇશું એમનું મુખ ધનધન એની માના કુખ એમ કહીને નીસર્યા બહાર સરવે લુટાવી દીધું તે વાર મુખમલ બીછાના જ. રીનાં કામ, સરવે લુંટાવ્યું તે ઠામ; રાંક લોક સઉ નહાલજ થયા જલદરાજા સહુ વીસ્મે થયા ત્યારે ચાકરે જોડયા હાથ અરજ કેરી બોલ્યો તે સાથ તમારે મને અમુલખ સહી મહારાજાને વિસાતમાં નથી સોનું રૂપુ ઝવેરને લાલ હીરા મોતીને પરવાળ સ્ફાટીકમનીને લાલમણી જડીત મહેલની શોભા ઘણી તેને નથી ત્રણ માત્ર તમ ઉપર કરૂં ખેરાત; હુકમ પ્રમાણે કીધું અમો સુખે આગળ પધારોતમો અચરજ પામ્યાં સર્વ જન વહી ચાલોને રાજન જબકાળે જબકારો થાય તેથી રાજા ઘણો અકળાય હવે તેવામાં મળવાને જાય

ચોપાઇ—સુણી પ્રસન થયા તે વાર પોતે સ્વારી કરી તૈયાર મળવાને સામા પરવર્યા હરખ ધરી પોતે સંચર્યા દીવ્ય વસ્ત્ર સજ્યા શણગાર શોભા કેતાં ન આવે પાર; કામદેવ સરીખું રૂપ, ઈંદ્ર સરીખો દીસે ભુપ છડી સ્વારીએ આવ્યો તહી એક કોસ સામો તે સહી તે જલદરાયે જાણી વાત રૂપે રૂવેથી થયો રળીયાત ધન ધન મારો આજનો દન પરમેશ્વર થયો પ્રસન્ન; ઘેર બેઠે ગંગા મળી જોતામાં પાપ જશે પરજળી મારા પુન્ય તણો નહી પાર સામો મળવા આવ્યો તે ઠાર; એમ વીચાર કરે છે રાય રાજકુંવર ઉભા છે ત્યાંહ

જાણે બીજો દીનકર સુર, એવું ઝળક મુખપર નુર, સભા સરવે ઝાંખી થઇ, કોઇથી સામુ જોવાય નહી. જલદરાય ઉઠયો તેણી વાર. અન્યો અન્ય કર્યો જુહાર: પ્રેમ આલીગન દઇને મળ્યા, દુઃખ હતાં તે સર્વે ટળ્યા, રાજકુંવરે કરી વીનતી, ભલે પધાર્યા પૃથ્વી પતી, શરણે આવ્યા તમારે આજ. પુરણ ભાગ્ય અમારે કાજ; રાંક જાણી કરૂણા કીજીએ, જશ મહીમા અમને દીજીએ. કરૂ સેવા હું રૂડી પેર, આજ પધારો મારે ઘેર; તેમ રાજા અચરત થાય, એ સાચુ સ્વપનુ કહેવાય બંકાવળી સરવે જુવે છે ખ્યાત, તે પણ મનમાં થઇ ખેશાલ; એ નર શીવાય બીજા નહી, જોઇ ચરચા શું થાય અહી. એમ જોઇ સઉ અચરજ થાય. ઉઠા ત્યાંથી સર્વ સભાય; અસ્વારી થઇ તયાર, આગળ રાજા પાછળ રાજકુમાર. છત્રીસે વાજાં વાગે સહી, બીજી શોભા નવ જાએ કહી; એ રીતે આવ્યા પુર પાસ, જાણે શોભા સુરજ પ્રકાશ.

ત્યાંની કઇવી રચના જોઇને રાજા આનંદ પામ્યો. બાગ, બગીચા, રાવટી ને જાલ વિગેરેનું તમામ કામ સુવર્ણનુ હીરા જડીત હતું સોના ને રુપાનાં વૃક્ષો હતાં. તે વિગેરે નીરખીને સર્વ મહેલમાં આવતાં રાજકુંવરે હુકમ કર્યો કે—હીરા બાગ તેયાર કરો ને તેમાં રાજાજીને ઉતારો આપો હીરા બાગમાં કરોટી દીવા બળી રહેલા હતા, જરીનાં બીછાનાં અને તકીયા હીરા જડીત હતા, તેના ઉપર રાજાને ઈંદ્ર સમાન બેસાડયા ને અતર ગુલાબના ફુવારો શરુ કર્યા ને રંગ બેરંગી દિપ્પોનો છાંયો આવી રંગા રંગ થઇ રહ્યો, ગુણકાનો નાચ જોતાં સર્વ આનંદ પામ્યા, એટલે રાજકુવર બોલ્યો કે—હે રાજા ? તમારી હકીકત મને કહો, આજરીતી શી રીતે કરો છો ? તમને સ્રી તથા સંતતી કેટલી છે તે કહો? પ્રધાન તથા કોટવાળ વગેરેના ડહાપણની વાત કહો, પછી અમે અમારી વરત કહીશુ, આવાં તે કુવરનાં

વચન સાંભળી જલદરાયે કહ્યું કે યું મારી હકીકત કહું છું તે ચિત દઇને શ્રવણ કરો! મારા પ્રધાન તથા કોટવાલ ઘણા ડાહ્યા છે મારે એક સ્ત્રી છે તેને ચાર પુત્ર છે તે મહા ગુણવાન છે મારી આજ્ઞા પાળે છે, જરા પણ તેઓને ગર્વ નથી.

દોહરો—ત્યારે રાજકુંવર પછે બોલીઓ, કહી તમોએ સત્યજ વાત; ચાર પુત્ર તમો કહો, પણ મેં સાંભળયા પાંચ. તમો જે ચાર કહો છો સહી. તે અચરજ સરખી વાત: પાંચમો પુત્ર કયાં ગયો સાચુ કહો વીખ્યાત. જલદસંગ ત્યારે બોલીયો, સાંભળો રાયજી વાત; પાંચમાની વાત કહેવાની નથી, તેનાં ઘણો ઉતપાત. જન્મ થયો તે પુત્ર નો; જોશીએ કર્યો વીચાર; આ પુત્રને જોતાં અંધ થશો; એ અચરજ સરખી વાત માટે દેશવટો દીધો એ પુત્રને, કહાડયો જંગલ મોજાર; વજીર સાથે પરવર્યો, રક્ષા કારણ સાથ, ત્યારે રાજકુંવર બોલીયો, કેવું હતુ તેનું રૂપ; નામ તેનું શું હતુ, વીસ્તારી કહો મુખ. જલદસંગ તવ બોલીયો, શું જોણું એનું નામ, વજીરને પછે તેઠીઓ. સાચુ કહો આ ઠામ. તે વજીર આવી ઉભો સહી, કરજોડી કર્યો પ્રણામ: શું ફરમાવો છો રાયજી. એમ કહીને નમ્યો તે ઠામ. રાજકુવરે પછે ઓળખ્યો, નીશ્ચે વજીર કહેવાય: એણે પાળી મોટો કર્યો, એ વાતમાં નહી સંદેહ ભણીવ્યો ગણાવ્યો છે મુને, કીધો ઘણો ઉપકાર: એમ વિચારી મન વીખે, પુછયું સભા મોજાર, પાંચમો પુત્ર રાજા તણો, તે સોપયો તમને જાણ; તેના નામ કળા ગુણ ચાતુરી, ધારીને કહો મંડાણ પછે વજીરે માંડી કહી, જે પુરવે હતી તે વાત, તે સાંભળીને હરખીયા, ખુશી થયા સહુ સાથ ત્યારે વજીર કહે સહુ સાંભળો. કહું અચરત એકવાર; પાંચમો પુત્ર જે હતો, તેવો છે આ રાજકુમાર એ કાન્તિ ચતુરાઇ તે તણી, રૂપ રાગ ને રંગ; મેં પરીક્ષાએની

કરી પાંચમો પુત્ર એ સંગ. મારા પુન્યથી ઓળખ્યો, સાચી કહું છું વાત, મહારાજા એ ખોટી કહી, વીસ્તારી કહો વાત.

માતાપિતા બોલ્યા કે હે–પુત્ર! તું કુળતારણ છે. તને અમે પદમની પરણાવીએ! તું સંસારનું સુખ ભોગવ એમ કહી તેની પાસ રડવા માંડતાં કુંવરે કહ્યું કે માતાજી! ચીંતાને દુર કરો! એ સ્ત્રી પરણ્યો છું એ તમારી દાસી છે. એવાં પુત્રના વચન સાંભળી માત પીતા બહુ આનંદ પામી બોલ્યાં કે દીકરા વહુનુ મુખ દેખાડો તો તો ઓ ચરણમાં નમીને સન્મુખ ઉભી રહેતા કુંવરે કહ્યું કે મારા માત- પીતા મને મળવા આવ્યા છે તે તમને મળવા માટે બોલાવે છે માટે તમે બે ચાલો ચક નાખીને બેસજો! તમારૂ શરીર દેખાડસો નહી? એટલે મારા બાપ પુછશે કે તમારે આમારી પાસે ઓઝલ કેવી! તમે તો અમારા છોકરા છે? ખોળામાં બેસો ત્યારે તમે કહેજો કે તમારા દર્શનની ઘણી ઇચ્છા હતી તે આજ દર્શન થતાં અમારો જન્મારો સફળ થયો છે પણ અમારા ગુલામ અહીંઆ રહે છે તેને અમે કેમ અમારુ મુખ દેખાડીએ આ પ્રમાણે શીખવીને માતપીતા પાસે બેસીને શણગાર શજાવીને લાવ્યા એટલે દાસીએ ચક નાંખતાં બે સ્ત્રી પડદામાં બેઠી ત્યારે રાજા રાણી બોલ્યાં કે શા માટે લાજ ધારણ કરો છો તમે તો અમારાં છોકરા છો આતો કુટુંબ મીત્રો છે અહીં બીજું કોઇ માણસ નથી.

ચોપાઇ–ત્યારે લાખી બોલી તહી તમે કહ્યું તેમાં સદેહ નથી માતાપીતા તણી થી લાજ પણ એક અચરજ સંભળાવું આજ ચારે પુત્ર તમારા સન્મુખ તેને કેમ દેખાડું મુખ મારા દેસમાં આવ્યા એક રમત રમવા આણી નેહ હારજીતની પાડી હોડ રમવા માંડયું તે

ચારે કોડ એ સર્વે હાર્યા મારે ધામ તેલી બાજુએ થયા ગુલામ બાર વરસ મજુરી કરી આ વરને હું તો વરી કરજોડી ઉભા મુજ પાસ, માગી રજા આણી ઉલ્લાસ બાર વરસ ગયાં છે વળી હવે રજા આપો ઘેર જઇએ સહી જાણે દીધું જીવતદાન લાચાર થઇ બોલ્યા એ વાણ માતા પીતાને મળીએ જઇ કરજોડી એમ વાણી કહી ઘણી વીનતી મારી કરી પછી ગુલામી ડાંમ દીધા સહી ઝંઘા ઉપર નીશાની સહી એ વાતમાં સંદેહ નહી નહીતર બોલાવી પુછો તાત પછે માનજો એ વાતનું મોટું દુઃખ ગુલામને કેમ દેખાડું મુખ ઇશ્વરની આણ એ સાચી વાત ના માનો તો જુઓ સાક્ષાત અચરજ પામી સજનને તાત આતો અચરજ સરખી વાત તે ચારે જણ શરમીંદા થયા નીચું જો ઇને ત્યાં ઉભા રહ્યા માન ભંગ થાય તે ચાર નીચું જોઇને નીસર્યા બહાર ભાગ્યો તે તણો હંકાર પછી ચકથી નીસર્યા બહાર જાણે વીજળી હતરી આકાશ તેથી રૂપ ઘણું પ્રકાશ દેવરૂપ વેશ ધરી કરી બને નારી ત્યાંથી પરવારી સાસુ સસરાને લાગી પાય કર જોડી ઉભી તે જાગ અમો દાસી તમારી આ ઠામ જે ફરમાવો તો કરીએ કામ રાણીએ કર મુક્યો શીશ અખંડ સૌભાગ દીધા આશીશ પદમણી સ્ત્રીમાં કોણ માત્ર ઘણી નાજુકને ગોરૂ ગાત્ર;તૃપ્ત થયા જોતામાં મન ઘણી ખુસાલી દીધી તે દન રાજા રાણીએ આપી રજાય રાજસભામાં જઇ બેઠા રાય પાંચમા પુત્રને પાસે લઇ પછે મહેલમાં વીનતા ગઇ શું વીત્યું ભાઇ તમારી કાય સહુ વીસ્તારીને લીધ વાત સાંભળીને અચરજ થયા પછે રાજાએ બોલજ કહ્યા; પછી ચાર પુત્રને કરી ચતુરાઇ ભલી તીહાં તમે કરી, ન આપત ફુલ તો ઘાતજ થાત, તાડરે ઘસવા પડત હાથ.

કુંવરનાં વચન સાંભળી આશ્ચર્ય પામીને કહ્યું કે–તું દુઃખવેઠી પુણ્ય લાવ્યો તે માટે ધન્ય છે. પુત્ર હશે રાજનગરમાં ચાલ, તનેરાજ સોંપુ. કુવરે કહ્યું કે આપ છતાં મારાથી શી રીતે ગાદીએ બેસાય ? કુળની મર્યાદા લોપાય નહી. હું તમને મળવા આવીશ. અને અહી રહીશ. પુત્રનાં આવાં વચનથી રાજાઅત્યાનંદપામી રાજનગરમાં આવ્યો. હવે ગુલબંકાવળી સર્વે રચના જોઇ મનમાં વિચાર કરવા લાગી કે, આ બત્રીશ લક્ષણો પુરૂષ છે, માટે તેને પરનીને નતના કોડ પુરા કરૂં. આસુકનું માશુક આગળ ચાલે નહીં, તેથી વીટી મુકીને ગયો! યન્ય છે રાજકુમાર તને! તે રસીકને બોલાવીને સુખ ભોગવું.

ચોપાઇ–એવું મન વિચારી કરી, સખળા સાથે વાણુ ઓચરી અને અબોલાને લાવો અહી તેથી કામ થવાનું સહી. સુણી વચન ગઇ તે દાસ. આવી અબોલા કરી પાસ; મુખેથકી તેણે વાણી કહી, ગુલબંકાવલી તેડે છે સહી. માટે ચાલો મારી સાથ. એવી મુખથી કહી તે વાત; અબોલા ધ્રુજવા લાગી મન, કંઇ આવ્યુ શીર વિઘ્ન; મનમાં હીમત બહુ ધરી ચાલીશ સાહેલી સાથે પરવરી, ગઇ બાગમાં વિનતા પાસ, એક અબોલા બીજી દાસ. રૂદન કરતાં દીઠી નાર. મુખ ઉતરી ગયું તેવાર; શું દુખ તમને થયુ છે માત, મુજને કહોને સાચી વાત. જે ફરમાવે તે કીજીએ, હુકમ તમારો શીર લીજીએ શી વાતનુ તમને દુખ વિસ્તારીને કહોને મુખ. ત્યારે બંકાવળીએ વાણી ઉચરી; તે મુજને દુખી મારી કરી રૂવે રૂંવેથી બળુ છું અમો, તે વહની સળગાવી તમોજ માત્ર કરીયે રાખ્યો પાસ તે નરને લઇને આવો અવાસ; તન મન તે મારા પ્રાણ, તે વિજોગે દુખીયારી જાણ તે નરની મુજને બ્યની થઇ એમ બંકાવળી બોલી તહી;રભોગવું તે નરની કાય; ત્યારે હૈડુ શીતળ થાય. તે ઉપર છે સઘળું દુઃખ શું

વિસ્તારીને કહીએ મુખ દુખ તજો તમ મનથી લાજ, લાજ, લાવું ચાર ઘડીમાં રાજ. એમ કહી અબોલા ગઇ મન, વેગે જઇ ઉભી રહી; વાયું રૂપ તેને શી વાર જઇ કરો ઉભી તે ઠાર. રાજકુંવરનું હરખ્યું મન. ચરણે નમી બોલ્યો વચન; માતાજી પધાર્યા તમો, પ્રસન થયા છીએ અમો. ત્યારે હસીને અબોલા બોલી વાણ, ખુશાલી લાવી ચતૂર સુજાણ; પુર્વ જન્મતું તમારૂં પુન્ય બંકાવળી તુજ ઉપર પ્રસન્ન તન મનથી ભજે છે તુને. તેડવા કારણ મોકલી છે મુને નેવના પાણી મોભે જશે, તો તે વીતના તારી થશે, રાજકુંવરે તો થયો રળીઆત, એ તુજ પ્રતાપે મારી માત, ગગન માર્ગે ચાલી ગઇ, ત્યાં તે વાત વિપરીત થઇ; તેની માતાએ જાન્યુ સહી, તે મળવાને આવી તહી

ચોપાઇ—કરોધ કરીને ફેકયો તે વાર જાણે ગોફણ ફેરવી તેની વાર, સમુદ્ર મધે જઇ પડયો, ગયો ત્રણ જોજન ત્યાંથી સહી પ્રભુની માયા અપરમપાર; બચાવી લીધો તેણી વાર, આવરદાની દોરી લાંબી તે કોઇથી તોડાએ નહીં, સમુદ્રે છોળ મારી તે ઠાર, કાઢી નાંખ્યો જળની બહાર; સવા પહોરે થયો સાવધાન, આંખ ઉઘાડી જોયું તે ઠાર. જુવે તો દરીયાનાં નીર, એ તરફ ઝાડી ગંભીર; વીચાર્યું પોતાને મન, લખીત વાત થઇ તે દન. હવે આશા જીવ્યા તણી નથી, એમ વિચાર્યું મનમાં કથી, કરમે કીધું ભોગવશે દેહ, એ વાતમાં નહી સંદેહ એમ મનમાં વીચારી કરી, ત્યાંથી ચાલ્યો હીમત ધરી, એક કોશ ગયો જેટલે વાડી એક દીઠી તેટલે મનમાં ઘણી ખુશાલી મનમાં થઇ, અમરત ફળ વળી દીઠાં તહી; એમ વિચારી પેઠો તે માંહે, અચરજ સરખુ દીઠું ત્યાંહે જાણે માણસકેરાં શીશ, એવાં ફળ દીઠાં તે દીશ; હસવા લાગ્યા અપરંપાર તુટી પડયા ધરતી મોઝાર, વજરથી કઠણ કીધુ મન, હીમત રાખી તે દન મારી ઠોકરને ચાલ્યો જાય, હીમત રાખી મનડા માંય, વળી કોસ ગુ

કીતે જાય. ત્યાં દીઠો એક બીજો બાગ. ઘડા જેવડા દીઠા અનાર, તેની શોભાંનો નહીં પાર, મધે અનારના ઝાડ; બીજી ઝાડી બાર અંઢાર; રાજકુંવરનું હરખ્યું મન, એક ફળ તોડયું તે દીન, ચીર્યું ફળ ત્યાં તેની વાર; નીકળયાં જનાવર અપરંપાર; ઉડવાને લાગ્યાં ચોપાશ ત્યાં શોભા તણો આભાસ. મેવા તણો ત્યાં પારજ નથી, કુસેકુ લેશું કહું કથી, શીતળ નીર સરોવર સાર, અમરત સરખી તેમાં વાસ. આસપાસ દરાયાનાં નીર, તે મધે રચના દીઠી તે તીર: પીધું નીર ફળ ખાધાં લઇ. પછે મન વોચાર્યું તહી.

દોહરો—નીશા પડી તેને સહી, હીમત રહી મન; વિશ્રામકર્યો જઇ ઝાડપર. તેવે સમે રાજન, તે ઉપર મેહેલ હતો, એક મેનાનો સાર; બચ્યાં ચાર છે તેહમાં, પાંચમી મેના નાર. તે જનાવર નથી જાણુતા જે ઉપર છે માનવી જન: ઘટીકા એક રાતજ ગઇ ત્યારે બચ્યાં બોલ્યા વચન. માતાજી કરો કાંઈ વારતા, વાકેફ કરોની આજ; હવે અમે મોટા થયા. જાશું ચરવા કાજ. આ જંગલની વારતા, માડીને કહો વાન; કઇ દીશાએ જઇએ અમો, ચરવા કારણુ માત. એવાં વચન પુત્રના સુણી મનમો થઇ રળીઆત; પ્રસન થઇ તે ઓચરી પુત્રની સાથે વાત ઉતર દીશા ભણી પહાડ છે ઇહાથી એક જોજન; હીરા તણો એ છે સહી! તે ઉપર એક સરોવર સાર, તેના પાસે એક ઝાડ છે, તેના ગુણનો નહી પાર, તમ આગળ કહું હું, ઝાડ તણો ગુણ સાર, સાંભળ સુત હેતે કરી, માડીને કહું આય; પ્રથમ ગુણ કહું પાદડા તણો, વાગ્યા શરીરે ઘાય પાદડા તે ઉપર મુકતા, તરત રૂજાઇ જાય, ફળ બાધે કરમ વિખે, તે ઉડે ગગન મોઝાર, સો જોજન જાએ સહી, એક પલકમા નીરવાણ; ડાળી તણી જે લાકડી મારે વજરની માહ કટકા થઇ અવની પડે, તે વેળા તે ત્યાંય; છાલ તણી ટોપી કરે ધરે શીશ આણી નેહ સરગ મરત પાતાળ ફરે. પણુ કોઇ નવ દેખે

દેહ; એવા ગુણ છે ઝાડમા, હઇઆમાં હીરાલા, પણ ત્યા જઇ કોઇ શકતું નથી, ત્યાં રહે વીકરાળ, ત્યા કહીને તેકરે ઝાડ પહાડની જાણુ પશુ પક્ષી કે માનવી, જાય તેનાં લે પ્રાણ.

દોહરો—જોતા જોતા ચાલીઓ, ધીરજ ધરી રાજન; દીઠી ર-ચના તે પહાડની, હીરા જોત અપાર. ચડયો છેક ઉપર લગી, ત્યાં દીઠું તળાવને; નીશાની સાચી મળી, સઘળી તેણે ઠાર. પાદડાને ફૂળ ખાધા તહી, ક્ષણ ન લાગી વાર; નજીક જઈ પહોચ્યો તહી. દીઠો નાગ વીકરાળ. દીઠો માનવી તેનો સહી; રાજકુંવર તેણી વાર; ઝાડ ઉપર ચડયો સહી, ફળ ખાધા તેના સોરે. મેનાના વચન સાચા મળ્યા સંદેહ નહી લગાર. છાલ કાઢી ટોપી કરી, તે ધરી પોતાને શીશ; ભાગી લીધી એક જેષ્ટીકા પછે તજ્યો ઠામ દીશ.

મનમાં વિચાર કર્યો કે નાગનો મણી મારી પાસે છે, તે કોઇ દેખશે તો લઇ લેશે માટે તેને ગુપ્ત રાખું. એવો વિચાર કરી તર ત જાધ ચીરી તેમાં મણીને મુકી, પાંદડુ માથે મુકતાં તરત ઘા રુ-ઝાઓ એટલે આગળ ચાલ્યો. ટોપીમાં એવો ગુણ હતો કે કોઇ દેખે નહી તેથી નિર્ભય થઇને ચાલતાં આનંદ પામ્યો કે અમુલ્ય વસ્તુ મારે હાથ લાગી છે. લખ્યા લેખ તે મટતા નથી. એ વીચાર કરતાં મહા અગોર વન કે જેમાં વાધ આદી હિંસક પ્રાણીનો મહા ડર છે તેવાં પ્રાણી નજર આગળથી જાય છે. તોપણ નિર્ભય થઇને તે ચા-લતો ચાલતો પહાડ પાસે આવ્યો તે ઉપર એક મહેલ હતો તેનો ચંદ્ર સરખો પ્રકાશ હતો, તે પહાડ ઉપર ચડયો. પણ મહેલમાં કો-ઇને દેખતો નથી. એમ ચડતાં ચડતાં જ્યાં સાતમે માળ ચડયો તો એક સ્રીને રુદન કરતાં સાંભળી જઇ તેને મળયો અને પુછતા માલુંમ પડયુ કે તે બંકાવળીના કાકાની દીકરી ખુલખુલ પરી છે. અને

પના ઉપર એક રાક્ષસ આસક્ત થઈ ઉપાડી લાવ્યો છે ત્યાં બંકાવળીના કરતા સવાયો બાગ જોઇ પોતાના સુખનું સ્મરણ થતા ઝુરવા લાગ્યો. જો કે બચ્ચા રાત દિવસ સેવા કરે છે, તો પણ તે વિયોગ વેદનાથી પીડાવા લાગ્યો બચ્ચા પણ એક વખત દીવસમાં આવી અમરત ભોજન લાવી ધીરજ આપપી નેતી. સ્વર્ગમાં કાગળ લખ્યો કે આપની પુત્રી ઘેર આવી છે. ચિન્તા કરશો નહી એ કાગળ લઇને કાસદ તુરત ગયો વાયુ વેગથી કાસદે જઇ કાગળ આપતાં સભા સર્વ ખુશી થઇને રાણીને કહેતા તે પણ રાજી થઇને રાજાને કહ્યું કે મારે મળવા જવું છે મળવા જવાની રાજાની રજા થતાં બંકાવળીએ કહયું કે હું પણ મળવા આવું કે જેથી મારી ઉદાસી માટે કુવરીના વચન સાંભળી રાણી રાજી થતાં બેડી ભાગી નાખી ને બંને આકાશ માર્ગે ચાલ્યા બે પહોર દીવસ ચડતા ત્યાં પહોચ્યા રૂબચ્ચાને તેઓના આવવાના ખબર થતાં તે સામી ગઇને નમીને પગે પડી ને તેણે બંકાવળીને પણ દીઠી ત્યાં આગળ રુબચ્ચા તથા બંકાવળી મળ્યા અને કહયું કે રાજકુંવર અહીયા છે માટે તું ફીકર ના કરીશ પરમેશ્વર કરશે તો થોડા દિવસમાં તે પુરૂષ તને મેળવીશ. પછી રાક્ષસ આવ્યો અને તેની સાથે રાજકુંવરે લડાઇ કરી તેને તથા માયાથી બનાવેલા એક હજાર રાક્ષસો માર્યા તેથી તેના માબાપ બહુ ખુશી થયાં અને પુછ્યુ કે દીકરી તું કયાં ગઇ હતી ? ત્યારે તેણે કહ્યું કે મને રાક્ષસ ઉપાડી ગયો હતો ત્યાંથી આ માણુસ મને ઘણા શ્રમથી છોડાવી છે તેથી તેના માબાપ આ કુવરના ઉપર ઘણા રાજી થયા અમે કુંવરીને તેની સેવા ચાકરી કરવાને સારી ભલામણ કરી.

ચોપાઈ—એ મન ભાવતો મારો પતિ સત્ય કરી માનજો વીનતી; પરમેશ્વરે મેળવ્યો આજ. ઓલવાઇ ગઇ મારા મનની દાઝ

તેં મેળવીયો મારો નાથ, સર્વે આબરૂ તો તારે હાથ; ત્યારે રૂબ-રચ્યાનું ઘણું રીઝયું મન, મારી વાત વિગતની તે દન. એ નરનીપણ હું છું દાસ, પ્રીત કરી રાખ્યો મેં પાસ; જીવતદાન આપ્યું મુને; તે સર્વે માંડી કહું તને દુખની વાતવિસ્તારી કહી, તે સુણતામાં હું અચરત થઇ; ભાઇ બેનની પરઠી પેર, તેડી લાવી હું મારે ઘેર; તારા ઇશ્કકથા ભમીઓ વન. તે સર્વે કહ્યું રાજન; વચન બોલી હું મારે મુખ; સઘળું ભાગીશ હું તારૂં દુખ વચન પાળીયું આ ઠાર, મળી યા બેઉ નરને નાર, એમ કહીને બેઠી પાસ, કરે વિનોદ આણી ઉલ્લાસ. એમ કરતાં રજની થઇ, બન્યો બેન ઉઠીને ઘઇ પાછી ફરી તે લાવી મુકામ, બંકાવળી બોલી ઠામ ગયું રતન આવ્યું રાથ; કઇ પેર લઇ જોશો સાથ; ફરી કદાપ થાશે વિઘન, તે તો નિશ્ચે પડશે તન એ નર પાખી દેહ નવ ધરૂં, આપઘાત કરીને મરૂં; એમ કહીને રોઇ તે નાર, રૂબરચ્યા બોલી તે ઠાર, હીમત રાખીને મનમાં રહે તું, એ નરને પરણાવીશ હું, એમ કહીને આપ્યું વચન ત્યારે પીરજ આવી મન, ખાનપાન કીધું અપાર વીતી રજની તેનીવાર; દંતધાવન સ્તાનજ કરી, રાજકુંવર પાસે પરવરી, ખાનપાન રંગ રાત; ત્રણ જણ બેઠા સંગાથ.

સાત દીવસની અવધી પુરણ રૂબરચ્યાએ બંકાવળીને કહ્યું કે તમે સ્વર્ગમાં જઇ માતાપીતાને મળો, કદાચિત કોઇ આવે તે વિપરીત થાય. જાણે તમારીજ પાસે છે એમ સમજી હિમતથી રહેજો થોડા દીવસે તારી આશા પુર્ણ થશે. એવી દાસી થઇને હું ચાકરી કરીશ, જરા ચિંતા કરીશ નહી, એ મારો પરમેશ્વર છે, મારે ભાઇ બાપ સમાન છે. આવા વચન સાંભળતાં વીશ્વાસ આવ્યો ને ત્યાંથી ઉઠીને માતા પીતા પાસે આવી. દીકરાનું હસતુ મુખ જોઇ તેઓ

રાજી થયાં રાજકુંવરી તથા બંકાવળીના જવાથી ઉદાસ થઇ રાત દીવસ ઝુર્યાકર્યા કરે છે આંખેથી આસુની ધારા ચાલી જાય છે કપાળેહાથદઇ બેઠા છે ત્યાં રૂબચ્યા આવીને અમૃત વસ્તુ આગળ મુકી પણ જાણે રાહુએ ચંદ્ર ઘેર્યો હોય એવું મુખ જોઇ ને પણ દુઃખ પામીને કહેવા લાગી કે તમને જરાપણ દુઃખ નથી મારા પ્રાણથી પણ વધારે વહાલા છો છતા તમે હે ભાઇ ? કેમ દીલગીર થયાછો ? એવા વચન સાંભળી રાજકુંવર બોલ્યો કે વીયોગના મહા દુઃખે મારા પ્રાણ જશે પછી કુંવરીએ તેને ધીરજ આપી અને કહયું કે હું તને બંકાવળી મેળવીશ એમ કહી તેણે પોતાની માને વા કહીને બંકાવળીની સાગે લગ્ન કરવાની ગોઠવણ કરી કુળાચાર પ્રમાણે રાજકુંવરને કન્યા પાણાવી મંગળ ફેરા ફરતાં જયજયકાર થયો દામનીમા રાજાએ પણ ઘણા આનંદથી મોતી હાથી ઘોડા પાલખી અને દીવ્ય વસ્ત્ર ભુષણ વીગેરે અગણીત આપ્યું. રહેવાને માટે મહેલ આ દાસ દાસી આપ્યા ગાજતે વાતે વીદાય કરી મહેલમા ઉતારો આપ્યો, અને ત્યા સર્વેજન મળવા ગયા. કુંવરે સર્વનું સન્માન કરતા સર્વે રાજી થઇને પોતપોતાના ઘેર ગયા પછી ચાર પહોરની રાત્રી આનંદમા કાઢી વીરહ વેદના શાંત કરી પ્રભાત થતા રાજા ઉઠી દાતણ તથા સ્તાન કરી શણગાર સજીને બેઠા. ત્યા રુબચ્યા બંકાવળીને મળવા આવી, તો તેને શરીરનું ભાન નથી, વેણી વિખરાઇ ગઇ છે એ જોતા રૂબચ્યા મન મા રાજી થઇને બંકાવળીને એમ બોલીને કહ્યું કે બેન નીર્ભય સુતા છો, તે ઉઠો ? મનમાન્યુ કામ હવે થયું છે. એવા વચન સાભળી તરત બંકાવળી વસ્ત્ર પહેરીને ઉઠી ને રુબચ્યા સાથે વાત કરવા લાગી. પછી ત્યાથી ગુલબંકાવળીને લેઇ પોતાના બાગમાં આવ્યો અને માબાપને મળવા બોલાવ્યા.

રાજકુંવર પ્રત્યે નીરધાર. ઘણો ભાગ્યશાળી છે એહ, સત્ય કરીને

ચોપાઇ—આવ્યા માબાપ મળવાને કાજ વળી ભેટીને બેઠા આજ પોતાને વીતી સહો માબાપ આગળ માંડી કહી બંકાવથી આવીને ચરણે નમી સાસુ સસરાને મનમાં ગમી; ઘણું ખુશી થયા તેણી વાર, મસ્તક હાથ મુકયો તે વાર સભા સહુ ત્યાં અચરજ થઇ ખુશાલી સહુને વાધી તહી; ખાનપાન કર્યો મુખવાસ મન ;મધે કરી હુંલાસ પછે પીતાએ માગી રજાય સભા સહુને કહ્યું છે ત્યાંય; ચાલો અસવારી કરો તઇયાર બંકાવળીને આશીશ દીધી સાર મળી કરીને ઘેરજ ગયા રાજકુંવર તે ઠામે રહ્યા, એમ કરતાં ગયા બહુ દીન ત્યારે પછે શું વીચાર્યું મન સરવે સામે રંગે રમે ભોજન મન ભાવતાં જમે; પછે નારીને ગર્ભ રહયો બંકાવળીને પુત્ર થયો । નામ બળવંત પડોજી તમો લેખ પ્રમાણે કહું છું અમો એવું સાભળી થયા રળીયાત પાડયું નામ મળી સઉ સાથ વળી જોશી બોલ્યો તે ઠાર માનજો તેહ; એવું સાંભળ્યું જેણીવાર હરખ્યા ઘણું તે રાજકુમાર ત્યાં ખુશી થયા જન સહુ જોશીને ધન આપ્યું બહુ; જોશી પાતાને ઘેરજ ગયા દ્રવ્ય લઇને શુખી થયા એમ કરતા વીત્યા બહુ દન રાજકુંવરે વીચાર્યુ મન. પુત્ર આપણો મોટો થયો, હેત ધરીને બોલજ કહ્યો; તારે પુત્ર બોલ્યો તે વાણ, સાંભળો તાતજી ચતુરસુજાણ. દાદાજીને મળવાના કોડ ચરણે નમીને કહું કરજોડ: માટે જવાદો તમો, ખુશી થઇને કહું છું અમો. ત્યારે વીચાર્યું પોતે મન, સાંભળી વચન બોલ્યા રાજન પુત્રજી તમે કહ્યું નીવાણ, ,યાદ આવ્યું જલદપુરજાણ. તેને તેડવા મોકલ્યો દાસ, પુત્રનું મુખ જોવાને કાજ.

ગુલબંકાવળીનો પુત્ર દાદાને મળવા આવ્યો, તેને ગાદી ઉપર બેસાડયો.

સમાપ્ત

કબીર કાવ્ય

આમાં મહાત્મા કબીરના દોહરાનો અને તેમાં રહેલો ગુઢાર્થ ઘણીજ સહેલી ભાષામાં વિસ્તારપુર્વક સમજાવ્યો છે કે તે વાંચવાથી સૃષ્ટિ, ઇશ્વરશક્તિ, મૃત્યુ વગેરે સંબધીનો ઘણોઉત્કૃષ્ટ ખ્યાલ આવેછે. પુસ્તક ફક્ત એકજવાર વાંચવાથી તે વારંવાર વાંચવાની પ્રેરણા થાય એવો એમાં અદ્‌ભુત રસછે, આમાં સામર્થ્યઅંગ સ્મરણઅંગ,ચિતાવની· અંગ. જીવનમૃતઅંગ, કામઅંગ આદિ ૨૦ અંગ છે અને તે એકથી એક એવા અદ્‌ભુત છે કે તેનો ખરો ખ્યાલ વાંચવાથી જ થશે. સિવાય આમાં નીચે જણાવેલાં ત્રણ સુંદર ફોટોગ્રાફીક ચિત્રો આપેલાં છે, (૧) કબીરને ગુરૂની પ્રાપ્તી (૨) કબીરના અદ્‌ભુત ચમત્કારથી કાજી સાહેબે ચિડાઇ જઇ બાદશાહ મારફત કબીર સાહેબને બોલાવી તેમને લોઢાની પેટીમાં પુરી ઉપરથી મજબુત તાળું લગાડી તે પેટીને ઉંડા પાણીમાં ડુબાડી દેવી અને બીજી બાજુએ કબીર-સાહેબનુ સમાધી અવસ્થામાં પાણીપર તરવું (૩) કમાલના મૃતદેહને બાદશાહની સમક્ષ મુર્દે ઉઠ કુદરતકે કમાલસે એમ કહી સજીવન

વગેરે ચિત્રોના દેખાવો ખાસ જોવા લાયક છે. સર્વ સાધારણોની સગવડના ખાતર આ પુસ્તક ગુજરાતી અક્ષરમાં છપાવ્યું છે. કાગળ ગ્લેજ ઉંચા, પાકા પુઠા ઉપર કબીર સાહેબનો રૂપેરી વરખથી છાપેલો ફોટો બાંધણીમાં મજબુત હોવા છતાં. કિંમત માત્ર રૂ. ૧ાા! પોસ્ટેજ માફ

મળવાનું ઠેકાણું:–મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

ત્રણ દરવાજા—અમદાવાદ.